નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :13 FEBRUARY 2025 | THURSDAY | Page :8 | Year : 2 | Issue :266 | Price: 2/-




નાનાં બિલ્ડરોની સમસ્યાઓનો તત્કાળ ઉકેલ જરૂરી: મયુરધ્વજસિંહ જાડેજા

જુઓ પેજ નં.3

# હવે ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરનારાઓની ખેર નહીં

## ઈમિગ્રેશન બિલ ૨૦૨૫ મુજબ ભારતમાં ગેરકાયદે પ્રવેશતાં વિદેશીને ૫ વર્ષની સજા અને ૫ લાખનો દંડ થશે




નવી દિલ્હી,તા.૧૨

એવું લાગે છે કે આખા વિશ્વમાં સ્થળાંતર કરનારાઓ વિશે ધીમે ધીમે નવાં અને કડક નિયમો બનાવવામાં આવશે. તાજેતરમાં, અમેરિકાએ જે કર્યું, આખી દુનિયાએ તે જોયું, હવે ભારત પણ તેનાં વિશે સખત પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે.કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ભારતમાં ગેરકાયદે પ્રવેશ કરનારાઓ સામે કડક નિયમો લાગું કરવા જઈ રહી છે. સૂચિત ઈમિગ્રેશન બિલ ૨૦૨૫ મુજબ, માન્ય પાસપોર્ટ અથવા વિઝા વિના ભારતમાં પ્રવેશતાં કોઈપણ વિદેશીને પાંચ વર્ષ સુધીની જેલ અને મહત્તમ દંડ ૫ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ સિવાય, ઘણાં નિયમો પણ શામેલ કરી શકાય છે.

નિયમોમાં બહાર આવ્યું છે કે જો કોઈ નકલી પાસપોર્ટ અથવા નકલી મુસાફરીના દસ્તાવેજો દ્વારા દેશમાં પ્રવેશ કરે છે, તો તેને ઓછામાં ઓછા બે વર્ષ અને મહત્તમ સાત વર્ષની સજા થઈ શકે છે. ઉપરાંત, ૧ લાખથી ૧૦ લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવી શકે છે. આ બિલ હેઠળ, ભારતમાં ઈમિગ્રેશન અને વિદેશી નાગરિકોને લગતી બાબતોને નિયંત્રિત કરવા માટે ચાર જૂના કાયદા દૂર કરવામાં આવશે. વિદેશી નાગરિક અધિનિયમ, ૧૯૪૬; પાસપોર્ટ એક્ટ, ૧૯૨૦; વિદેશી લોકોની નોંધણી અધિનિયમ, ૧૯૩૯; અને ઈમિગ્રેશન એક્ટ, ૨૦૦૦ નવો કાયદો તે બધાં સહિત એકંદર અને અસરકારક કાનૂની પ્રણાલી બનાવશે. હાલમાં, વિદેશી નાગરિકો માટે માન્ય પાસપોર્ટ અથવા વિઝા વિના ભારતમાં પ્રવેશવા પર મહત્તમ પાંચ વર્ષની સજાની જોગવાઈ છે, જ્યારે નકલી દસ્તાવેજો સાથે પ્રવેશ કરનારાઓ માટે મહત્તમ આઠ વર્ષની સજા અને ૫0000 સુધીનો દંડ છે. નવા કાયદામાં, વિદેશી વિદ્યાર્થીઓ અંગે કડક જોગવાઈઓ પણ કરવામાં આવી છે. જેનાં હેઠળ તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સે સરકારને વિદેશી નાગરિકો વિશે માહિતી આપવી પડશે. રિપોર્ટ અનુસાર, નવું બિલ એ પણ પ્રદાન કરે છે કે જો કોઈ વિદેશી રાષ્ટ્રીય વિઝા અવધિ પૂર્ણ થયાં પછી અથવા પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ્યાં પછી પણ રહે છે, તો તેને ૩ વર્ષની જેલ અથવા ૩ લાખ સુધીનો દંડ થઈ શકે છે.

આ સિવાય, જો કોઈ ગેરકાયદેસર વિદેશી નાગરિકને વિમાન અથવા અન્ય પરિવહન માધ્યમ દ્વારા ભારત લાવવામાં આવે છે, તો પછી સંબંધિત વાહન પર ૫ લાખ રૂપિયા સુધીનો દંડ લાદવામાં આવી શકે છે. આ કાયદા હેઠળ, સરકારને ભારતમાં વિદેશી નાગરિકોનો પ્રવેશ અને તેમને કાબૂમાં રાખવા માટે વિશેષ અધિકાર મળશે.

આ હેઠળ, સરકારને ભારતમાં કોઈપણ વિદેશીની હિલચાલને રોકવાનો અધિકાર હશે અને તેને કોઈ ચોક્કસ વિસ્તારમાં જતાં અટકાવી શકાશે અને જો જરૂરી હોય તો, તે તેનાં ફોટોગ્રાફ્સ અને બાયોમેટ્રિક્સ વિશેની માહિતી મેળવવાની ફરજ પાડી શકે છે.

## 'ભાઈચારા'ની લાગણી વચ્ચે ટેરિફ, ઈરાન ઉપર પ્રતિબંધ, ગેરકાયદે નાગરિકોને પરત મોકલવા સહિતના વિકરાળ પડકારો

# મોદી-ટ્રમ્પની આજે બેઠક : ભારતની વિદેશનીતિનો લિટમસ ટેસ્ટ



અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે શિખર મંત્રણાનો તખતો તૈયાર છે. રાષ્ટ્રપતિ તરીકે ટ્રમ્પના ૨૦૧૭-૨૦૨૧ના પ્રથમ કાર્યકાળ દરમિયાન બન્ને નેતાઓ વચ્ચે ગાઢ મિત્રતાના સંબંધો જોવા મળેલા. અત્યારે પણ વ્યક્તિગત રીતે બન્ને વચ્ચેની કેમેસ્ટ્રીમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે એ નિશ્ચિત છે. જોકે, ટ્રમ્પનો નવો કાર્યકાળ અલગ છે. એમના કેટલાક નિર્ણયોની ભારત પર સીધી અને પરોક્ષ રીતે નકારાત્મક અસર જોવા મળી શકે છે. આ સ્થિતિમાં બંને દેશની વિદેશ નીતિ કસોટી ઉપર છે. ફ્રાંસમાં આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ ઉપરનું સંમેલન પતાવી મોદી વોશિંગ્ટન માટે રવાના થઈ ગયા છે અને ગુરુવારે બન્ને દેશના વડા બેઠક કરશે. બેઠકની ફલશ્રુતિ વિશ્વની બે સૌથી મોટી લોકશાહી (ભારત અને અમેરિકા)ના સંબધોની ભવિષ્યની દિશા નક્કી કરશે. બંને દેશ વચ્ચે સ્પેસ ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રે મહત્વની ભાગીદારી છે. ભારત માટે અમેરિકા એક મહત્વનું વ્યાપાર ભાગીદાર છે પણ અમેરિકાની દ્રષ્ટિએ તે અલ્પ છે. આ બન્ને નેતાઓ વચ્ચેની ચર્ચામાં એચવનબી વિઝાની સંખ્યામાં વધારો એ એક સામાન્ય બાબત છે એટલે તેને માત્ર એ નજરથી જોવું જોઈએ નહી.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# પક્ષ પર વિભાજનની લટકતી તલવાર



આંદોલનમાંથી ઉભરી આવેલા આ પક્ષની તાકાત એ હતી કે તેણે વૈકલ્પિક રાજકારણના સપનાંઓને પાંખો આપી. તેના સૌથી મોટા નેતા અરવિંદ કેજરીવાલ પ્રામાણિકતા અને સરળતાના પોસ્ટર બોય તરીકે ઉભરી આવ્યા પરંતુ પછી થયો ધબડકો

એક મજબૂત દેખાતા આમ આદમી પાર્ટી જેવા પક્ષનો પરાજય માત્ર રાજકીય ઘટના નથી. એના પડછાયા બહુ લાંબા છે. એક પ્રયોગ નિષ્ફળ ગયો એ નબળી પડતી લોકશાહીનું ચિહ્ન છે. ખુદ કેજરીવાલનું રાજકીય ચરિત્ર બહુ થોડાં વરસોમાં પ્રજાને અપ્રિય થઈ ગયું. એ બતાવે છે કે લોકલાડીલા નેતાઓએ બહુ ભારે કસોટીઓમાંથી પસાર થવું પડે છે. આ કસોટીઓ રાજા હરિશ્ચંદ્ર કે શેઠ શગાળશા જેવી ભલે ન હોય તો પણ એ નેવાંના પાણી મોભે ચડાવવા જેવી તો હોય છે જ. દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પરિણામો ભાજપના વિસ્તરણ સાથે ઓછા અને આમ આદમી પાર્ટીના નાટકીય પતન સાથે વધુ સંકળાયેલા છે.ભાજપ ૨૭ વર્ષ પછી સત્તામાં પાછો આવ્યો છે, જ્યારે ૨૦૧૩માં શાનદાર રીતે રાજકીય શક્તિ તરીકે ઉભરી આવેલી આપનો સફાયો થઈ ગયો છે. જોકે, આ ફેરફાર દિલ્હીના રાજકીય પરિદ્રશ્યમાં અચાનક કોઈ ફેરફારનો સંકેત આપતો નથી. ૨૦૧૪થી, ભાજપે લેફ્ટનન્ટ ગવર્નર, મ્યુનિસિપલ કોર્પોરેશનો, કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય અને દિલ્હી પોલીસ (કેન્દ્રીય ગૃહ મંત્રાલય) દ્વારા શાસન પર નોંધપાત્ર નિયંત્રણ જાળવી રાખ્યું છે. વધુમાં, તેણે પાછલી ત્રણ સામાન્ય ચૂંટણીઓમાં તમામ સાત લોકસભા બેઠકો જીતી છે.દિલ્હીના મધ્યમ વર્ગમાં આપ પ્રત્યેના આકર્ષણનો ઉદય થયો હતો. ભ્રષ્ટાચાર વિરોધી ચળવળમાંથી રાજકીય સંગઠનમાં રૂપાંતરિત થતાં, અરવિંદ કેજરીવાલે શરૂઆતમાં પરંપરાગત રાજકીય સ્થાપના વિરુદ્ધ તેના તાજગીભર્યા વક્તવ્યથી મતદારોને મંત્રમુગ્ધ કર્યા. જોકે, તેમની શાસન શૈલી ટૂંક સમયમાં બેજવાબદાર લોકશાહી અને વધુને વધુ કડવા રાજકીય પ્રવચનનો પર્યાય બની ગઈ. તેમણે બે-લગામ કલ્યાણ દ્વારા સત્તા એકીકૃત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ શાસનની અસરકારકતામાં ઘટાડો થયો અને તેમની વિશ્વસનીયતા ઘટી ગઈ. છેલ્લો ફટકો ત્યારે પડ્યો જ્યારે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો સામે આવ્યા, જેના પરિણામે તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમના સત્તાવાર નિવાસસ્થાનને સજાવવા માટે જાહેર નાણાંમાંથી લગભગ ૫૨.૭ કરોડ રૂપિયા ખર્ચ્યા હોવાનો ખુલાસો થયો. આનાથી આપના મુખ્ય આદર્શો અને સત્તામાં આવ્યા પછી તેની ક્રિયાઓ વચ્ચેનો વિરોધાભાસ છતો થયો, જેના કારણે તેની વિશ્વસનીયતા ખરડાઈ ગઈ.

ભાજપ માટે, આ નિર્ણાયક વિજય એક સંપૂર્ણપણે નવી તક રજૂ કરે છે. પાર્ટી હવે માળખાગત સુવિધાઓ, નાગરિક સુવિધાઓ અને શાસન સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આ એવાં ક્ષેત્રો છે જેણે તેને ઝડપી વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરી હશે. હિન્દી પટ્ટા પર પાર્ટીની પકડ વધુ મજબૂત બની છે, કારણ કે દિલ્હીની રાજકીય અને આર્થિક ગતિશીલતા ઉત્તર પ્રદેશ, બિહાર અને હરિયાણાની રાજકીય અને આર્થિક ગતિશીલતા સાથે જોડાયેલી છે. દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રીય વિકલ્પ તરીકે પોતાને રજૂ કરવાની કેજરીવાલની મહાત્વાકાંક્ષાને ગંભીર ફટકો પડ્યો છે, જોકે સંપૂર્ણપણે ચકનાચૂર થવાને હજુ થોડી વાર છે.મુસ્લિમ મતદારોનો ઉપયોગ ફિક્સડ આધાર તરીકે કરવાની તેમની વ્યૂહરચના પણ નિષ્ફળ ગઈ છે. વધુ વ્યાપક રીતે કહીએ તો, આપની હાર બિન-ભાજપ વિપક્ષ માટે ઊંડાં પરિણામો ધરાવે છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીનાં પરિણામો ભાજપ વિરુદ્ધ મૂળભૂત પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે તેવી માન્યતા હવે અસમર્થ લાગે છે. જો વિપક્ષી પક્ષો શાસક પક્ષને અસરકારક રીતે પડકારવા ચાહતા હોય તો તેમણે તેમની વ્યૂહરચનાઓનું પુનર્મૂલ્યાંકન કરવું પડશે. શૂન્ય થઈ ગયેલી કોંગ્રેસ, આપની હારથી ઉત્સાહિત થઈ શકે છે, પરંતુ તેને ઈન્ડિયા બ્લોકના નેતૃત્વ પર પડકારોનો સામનો કરવો પડી શકે છે, જે કોંગ્રેસ દિલ્હીમાં ભાજપ સામે એક સામાન્ય મોરચો બનાવવામાં સહયોગ ન કરવા બદલ ટીકાનો સામનો કરી રહી છે.

# ફ્રાન્સ ભારત પાસેથી ખરીદશે પિનાકા રોકેટ લોન્ચર

### પરમાણુ ઉર્જા સહિતના મુદ્દે વડાપ્રધાન મોદી અને મૈક્રોં વચ્ચે થઈ વાતચીત

હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને અમેરિકાના પ્રવાસે છે. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવાની વાત કહી હતી. બંને નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિવિધ વિશ્વમંચો પર સહકારને વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈમેન્યુઅલ મેક્રોંએ રક્ષા, પરમાણુ ઉર્જા અને અંતરીક્ષના વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, 'ફ્રાન્સ દ્વારા ભારતના પિનાકા રોકેટ લોન્ચરની ખરીદી બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવશે.' બંને નેતાઓએ ન્યાયસંગત, શાંતિપૂર્ણ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા જાળવવા માટે બહુપક્ષીયવાદને વધારવાની હિમાયત કરી હતી. તેમણે પશ્ચિમ એશિયા સંઘર્ષ, આતંકવાદ અને યુરોપ સહિત અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો શેર કર્યા હતા.



બંને નેતાઓએ તેમની વ્યાપક વાતચીત પછી વૈશ્વિક અઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ને જાહેર હિતમાં સામાજિક, આર્થિક, પર્યાવરણીય દ્રષ્ટીએ ફાયદાકારક નીવડે તે સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાં લેવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. બેઠક પછી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ વાતચીતમાં દ્વિપક્ષીય સંબંધો તેમજ મુખ્ય વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સાથે નરેન્દ્ર મોદીએ માર્સેલી શહેરમાં ઐતિહાસિક મઝારગ્યુસ યુદ્ધ કબ્રસ્તાનની મુલાકાત લીધી હતી અને પ્રથમ વિશ્વયુદ્ધમાં પોતાના જીવનું બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

સ્મારકમાં બેન્ડની ધૂનોએ પ્રસંગની ભવ્યતામાં વધારો કરી દિધો હતો. આ પછી બંને નેતાઓએ આ ઐતિહાસિક કબ્રસ્તાન સંકુલની મુલાકાત લીધી અને સ્મારક તકતીઓ પર ગુલાબ અર્પણ કર્યા હતા.

# ફ્રાન્સ પહોંચ્યા પહેલા પીએમ મોદીનું વિમાન પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાં પોણો કલાક રહ્યું

### અફઘાનિસ્તાનની હવાઈ સરહદ બંધ હોવાથી મોદીના વિમાનને પાકે.પોતાની સીમામાંથી પસાર થવા મંજુરી આપેલી

નવીદિલ્હી,તા.૧૨

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિમાને પેરિસના પ્રવાસ દરમિયાન પાકિસ્તાન હવાઈ વિસ્તારનો ઉપયોગ કર્યો હતો. નાગરિક ઉડ્ડયન સુત્રોના હવાલાથી આ જાણકારી બહાર આવી છે. ડ્ઢ મોદીનું વિમાન, જેને 'ઈન્ડિયા ૧' કહેવામાં આવે છે, આ વિમાને પાકિસ્તાનના શેખપુરા, હફીઝાબાદ, ચકવાલ અને કોહાટ વિસ્તારમાંથી પ્રવેશ કર્યો હતો અને લગભગ ૪૬ મિનિટ સુધી પાકિસ્તાનની સરહદની અંદર રહ્યું હતું. ન્યૂઝ અનુસાર, અફઘાનિસ્તાનનું હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે ભારતીય વડા પ્રધાનના વિમાનને પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પહેલી વાર નથી જ્યારે નરેન્દ્ર મોદીના વિમાને પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કર્યો હોય. ગયા વર્ષે ઓગસ્ટ ૨૦૨૪માં, મોદીના વિમાને પોલેન્ડથી દિલ્હીની મુસાફરી દરમિયાન પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કર્યો હતો. તે સમયે વિમાન રાત્રે ૧૧ વાગ્યે પાકિસ્તાની સરહદમાં પ્રવેશ્યું અને ૪૬ મિનિટ સુધી ત્યાં રહ્યું હતું. માર્ચ ૨૦૧૯માં પાકિસ્તાને નાગરિક ફ્લાઈટ્સ માટે તેના તમામ હવાઈ ક્ષેત્રના પ્રતિબંધો હટાવી લીધા હતા જે લગભગ પાંચ મહિનાથી બંધ હતા.



આઈકોન કોન્કલેવ એન્ડ એવોર્ડસ ૨૦૨૫'નું તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ રાજકોટના ફોનિક્સ રિસોર્ટ ખાતે કર્યું હતું. અહીં શહેરના જાણીતા બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા જાણીતા ઉદ્યોગપતિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

# નાનાં બિલ્ડરોની સમસ્યાઓનો તત્કાળ ઉકેલ જરૂરી: મયુરધ્વજસિંહ જાડેજા

## બિલ્ડિંગ વ્યવસાયની અનેક સમસ્યાઓનો વ્યવહારું ઉકેલ સૂચવતાં મયુરધ્વજસિંહ

### TP સ્કીમ ઝડપી ફાઈનલ થાય તેના માટે શું કરી શકાય?

આ એક જટિલ પ્રશ્ન છે. કારણ કે બધું તૈયાર થઈ જાય પછી અપ્રુવ થાય છે. એક તો બિલ્ડરે મોટા ફંડનું ઈન્વેસ્ટમેન્ટ પણ કરેલું હોય છે પણ આ બાબતે થોડું મજબૂત સંકલન જરૂરી હોવાનું મયુરધ્વજસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

### પ્લાન બની ગયા બાદ કંપ્લીશન નથી આવતા અથવા તો કંપ્લીશન આવવામાં ઘણો સમય લાગી રહ્યો: નાના બિલ્ડરો અનેક પ્રશ્નોથી ઘેરાયેલા

રાજકોટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ સંબંધે હાલમાં ઘણા પ્રશ્નો સામે બિલ્ડર લોબી ઝઝુમી રહી છે. જેમાં સીટીમાં પ્લાન બની ગયા બાદ કંપ્લીશન નથી આવતા અથવા તો કંપ્લીશન આવવામાં ઘણો સમય લાગી રહ્યો છે. સાથે જ નવો પ્લાન પાસ કરાવામાં પણ ઘણી અડચણોનો સામનો કરવો પડે છે. ખાસ કરીને નાના બિલ્ડરો કે જેઓ ૫૦૦ થી ૧૦૦૦ વારમાં રાજકોટ સીટીમાં નાના પ્રોજેક્ટો કરી રહ્યા છે, તેઓને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આવા બિલ્ડરો પાસે કોઈ પણ પ્રકારની અન્યો સાથેની વિશેષ ઓળખાણ કે લાગવગ પણ હોતી નથી.

# શહેરના બ્યુટિફિકેશનમાં બિલ્ડરોની ભૂમિકા મહત્ત્વની, ૫ વર્ષ રિયલ એસ્ટેટ માટે મહત્ત્વના મયુરધ્વજસિંહ જાડેજા




રિયલ એસ્ટેટ ક્ષેત્રે કોઈપણ શહેરના વિકાસનો મુખ્ય આધાર તેના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પર નિર્ભર છે, એટલે કે શહેરના બ્યુટીફિકેશન માટે નવા રોડ, રસ્તા, ફ્લાય ઓવરબ્રિજ, હાઈરાઈઝ રહેણાંક બિલ્ડિંગો, કોમર્શિયલ પ્લોટ્સ, વ્યાવસાયિક ઉપયોગમાં લેવાતી અને આકર્ષક ઈમારતો ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ દરેક કાર્યમાં શહેરના બિલ્ડરોનું બહુ મોટું યોગદાન હોય છે ત્યારે શહેરના બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓના કામને બિરદાવવા અને તેને એવોર્ડસ આપી સન્માનિત કરવા માટે 'રિયલ આઈકોન કોન્કલેવ એન્ડ એવોર્ડસ ૨૦૨૫'નું તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ રાજકોટના ફોનિક્સ રિસોર્ટ ખાતે કર્યું હતું. અહીં શહેરના જાણીતા બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા જાણીતા ઉદ્યોગપતિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને ભવ્ય અને દિવ્ય બનાવવા માટે VYOના શ્રી વ્રજરાજકુમાર મહોદયશ્રીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે અદ્ભુત આશીર્વચન પાઠવ્યા હતા તેમજ હિંદુ સંસ્કૃત સંબંધિત ખૂબ સુંદર વાતો કરી હતી તેમજ આ કોન્કલેવના તમામ એવોર્ડસ તેમના હસ્તે અર્પણ કરાયા હતા. કાર્યક્રમના અંતમાં સુરૂચિ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન પાછળ જહેમત ઉઠાવી હતી અને જે કોઈએ પોતાનો કિંમતી સમય આપી હાજરી આપી એ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. રાજકોટમાં બિલ્ડરો કરોડોનું ઈન્વેસ્ટમેન્ટ કરી રહ્યા છે. ખાસ ટીપીમાં ૧૧માં બિલ્ડરોએ મસમોટું ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે. પરંતુ આ ટીપી ફાઇનલ ન હોવાથી પ્લાન અપ્રુવલમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્માર્ટ સીટી ટીપી ૩૨માં લે આઉટ કે પ્લાન મંજુર પણ થતા નથી. પ્લાન મંજુર કરાવવા ઓનલાઇન મુકવા પડે છે જે ઓફલાઇન પ્રક્રિયા કરવામાં આવે તે જરૂરી છે. રૈયા ટીપી ૩૨ સ્માર્ટ સીટી NOD નથી. તેમજ રૈયા સ્માર્ટનો વિકાસ અટકેલો પડ્યો છે. જે તાત્કાલિક શરુ થવો જોઈએ.

## નવા પ્લાનમાં પણ પ્રક્રિયા અતિ જટિલઃ પ્લાન અપ્રુવડ છે તે પ્લાનને છોડાવવામાં પણ નાના બિલ્ડરોને મુશ્કેલી

રાજકોટમાં જે પણ પ્રોજેક્ટ પૂર્ણ થઇ ગયો છે તેના બાદ પણ કંપ્લીશન લેવામાં બિલ્ડરોને ફાંફા પડી જાય છે. આ એક જટિલ અને પેંચીદો પ્રશ્ન બની રહ્યો છે. તેમજ નવા પ્લાનમાં પણ પ્રક્રિયા અતિ જટિલ અને પેંચીદી છે. સાથે જ જે પ્લાન અપ્રુવડ છે તે પ્લાનને છોડાવવામાં પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## કોઈપણ પ્લાન ફાઈનલ કેટલો સમયમાં લાગે?

પ્રોસેસ ઘણી સરળ બની રહી છે પરંતુ કંપ્લીશનનો પ્રશ્ન મોટો છે. જેમાં અપ્રુવ પ્લાન કોણ છોડાવશે, સરકારની શું ગાઈડલાઈન આવશે વગેરે, જૂના પ્લાનના પ્રશ્નો હજુ પણ યથાવત છે જેને લઈને નાનો બિલ્ડર ઘણી મુશ્કેલી અનુભવી રહ્યો છે. જો અધવચ્ચે બિલ્ડિંગ અટકે તો મુશ્કેલી ઊભી થઈ જાય છે. તેમ મયુરધ્વજસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

## લે-આઉટ પ્લાન ઓફલાઈન થવા જોઈએ, વગેરે મુદ્દાઓને સ્પર્શવા બિલ્ડરો માટે જરૂરી

મયુરધ્વજસિંહ જાડેજાએ નાના બિલ્ડરો માટે પણ અવાજ ઉઠાવતા મુદ્દાઓ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે, ટીઆરપી કાંડ પછી કમ્પલીશન નથી આવતા, નવા પ્લાન પાસ કરાવવામાં અનેક અડચણો છે. તેથી નાના બિલ્ડરોનો અવાજ બનવાની જરૂર છે. વધુમાં તેમણે એમ પણ કહ્યું હતું કે, નવા પ્લાન પાસમાં ખૂબ જ પેચીદી પ્રક્રિયા છે. તથા એપ્રુવ પ્લાનને છોડાવવામાં ઘણી જ મુશ્કેલીઓ છે તેમજ ટીપી ફાઇનલ ન હોવાથી પ્લાન અપ્રુવલમાં મુશ્કેલી છે. આ સાથે સ્માર્ટ સિટી ટીપી નં.૩૨માં લે-આઉટ કે પ્લાન મઃજૂર નથી થતા, કેમ કે તેને મંજૂર કરવા ઓનલાઇન (ટીપી વેબમાં) મુકવા પડે છે અને સ્માર્ટ સિટી ગઝાઉ પણ નથી, જેના કારણે રૈયા સ્માર્ઈ સિટીનો વિકાસ અટકી ગયો છે, જે તાત્કાલીક શરૂ થવો જોઇએ. તેમજ લે-આઉટ પ્લાન ઓફલાઇન થવા જોઇએ, વગેરે મુદ્દાઓને સ્પર્શવા બિલ્ડરો માટે જરૂરી છે તેમ અંતમાં મયુરધ્વજસિંહે જણાવ્યુ હતું.

# ઇન્ફ્રાસ્ટ્રકચર સંબંધે રાજકોટનું ટોપ-૨૫માં નામ છેઃ રાજકોટનો રિયલ એસ્ટેટ બિઝનેસ ખૂબ વિસ્તરી રહ્યો છેઃ મયુરધ્વજસિંહ

**હાલમાં જમાનો ઓનલાઇનનો છે ઝડપી કામ થઇ શકે છે. સરકાર પણ આ સંદર્ભે ઘણું ઇનિશિયેટીવ લઇ રહી છે. બીજું આમ ભ્રષ્ટાચાર રહિત કામ શક્ય બન્યું છે**



ટીપી સ્કીમ ઝડપભેર ફાઇનલ થાય તે જરૂરી કોન્કલેવમાં જે.એમ.જે. ગ્રુપના એમડી મયુરધ્વજસિંહ જાડેજાએ ટીપી સ્કીમ ઝડપી અને ફાઇનલ થાય તે માટે શું કરી શકાય તેના પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, આ એક જટિલ પ્રશ્ન છે. કારણ કે બધુ તૈયાર થઇ જાય પછી અપ્રુવ થાય છે, એક તો

બિલ્ડરે મોટા ફંડનું ઇન્વેસ્ટમેન્ટ કરેલું હોય છે, પણ આ બાબતે થોડું મજબુત સંકલન જરૂરી છે તેમ જણાવ્યું હતું. તેમજ આ સાથે કોઇપણ પ્લાન ફાઇનલ કેટલા સમયમાં થાય છે તેના પર પ્રકાશ પાડતા મયુરધ્વજસિંહે કહ્યું કે, પ્રોસેસ ઘણી સરળ બની રહી છે, પરંતુ કમ્પલીશનનો પ્રશ્ન મોટો છે. જેમાં અપ્રુવ પ્લાન કોણ છોડાવશે, સરકારની શું ગાઇડલાઇન આવશે? વગેરે જૂના પ્લાનના પ્રશ્નો હજુપણ યથાવત છે. જેને લઇને નાનો બિલ્ડર ઘણી મુશ્કેલી અનુભવી રહ્યો છે. જો અધવચ્ચે બિલ્ડીંગ અટકે તો મુશ્કેલી ઉભી થઇ જાય છે. ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ ક્ષેત્રે રાજકોટને આવનારા ૫ વર્ષ માટેના એંગલ વિશે પરેશ ગજેરાએ પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, આજે ઇન્ફ્રાસ્ટ્રકચર સંબંધે રાજકોટનું ટોપ-૨૫માં નામ છે. રાજકોટની આસપાસના મોરબી, જેતપુર જેવા નાના શહેરો કે જયાં મોટી ઇન્ડસ્ટ્રી છે તેને લઇને રાજકોટનો રિયલ એસ્ટેટ બિઝનેસ ખૂબ વિસ્તરી રહ્યો છે. પ્રોપર્ટી કાર્ડમાં નામ ટ્રાન્સફરમાં કેટલો સમય લાગે અને પ્રોસેસની સરળતા પર અમિત ત્રાંબડીયાએ જણાવ્યું હતું કે, હાલમાં જમાનો ઓનલાઇનનો છે અને આ કામ પણ ઓનલાઇન થઇ ગયું છે. જેને લઇને તેમાં પણ ઘણી ક્લેરિટી જોવા મળે છે. ઝડપી કામ થઇ શકે છે. સરકાર પણ આ સંદર્ભે ઘણું ઇનિશિયેટીવ લઇ રહી છે. બીજું આમ ભ્રષ્ટાચાર રહિત કામ શક્ય બન્યું છે. અને ડિજિટલ ઘણુ જ સારૂં છે, તેમ જણાવ્યુ હતું. અને અન્ય શહેરોમાં એફએસઆઇ રૂડાનો ચાર્જ લેવાય છે, તેની સાપેક્ષમાં રાજકોટની સ્થિતિ અંગે પણ અમિત ત્રાંબડીયાએ પ્રકાશ પાડ્યો હતો કે, આ મુદ્દે રાજકોટના બિલ્ડરોને વખાણવા જોઇએ, કારણ કે અહીંયા માર્કેટ ક્લિયર છે.

## મફતનું રાશન – રોકડ મળતી હોય તો કમાવાની ચિંતા શુ કામ કરે! તીખો પ્રશ્ન

# મફત 'રેવડી'ના કારણે લોકો કામ કરતા નથી : સુપ્રીમની ટકોર

### આપણે પરોપજીવીઓનો એક મોટો વર્ગ ઉભો કરી રહ્યા છે : રાજકીય પક્ષોની આકરી ટીકા : ગરીબો પ્રત્યેની ચિંતા સ્વીકાર્ય પણ તેમને 'કમાતા' શિખવીને દેશના વિકાસમાં યોગદાન આપતા કરવા જોઈએ : આકરૂ નિરિક્ષણ



નવી દિલ્હીઃ દેશમાં ચુંટણી સમયે હવે રાજકીય પક્ષો દ્વારા રેવડી કલ્ચરથી જ મતો મેળવવાની શરૂ થયેલી પરંપરામાં સુપ્રીમ કોર્ટે તિવ્ર નારાજગી વ્યક્ત કરી આકરા નિરીક્ષણમાં જણાવ્યું હતું કે આ પ્રકારના મફત લાભોથી લોકો કામ કરવા ઈચ્છતા નથી અને આપણે પરોપજીવીના એક વિશાળ વર્ગનું સર્જન કરી રહ્યા છીએ.સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ અને ન્યાયમૂર્તિ ઓગષ્ટીન જ્યોર્જ મસિહે રેનબસેરા અંગેની એક અરજી પર સુનાવણી કરતા રાજકીય પક્ષોની ભારે ટીકા કરી હતી અને જણાવ્યું કે આ પ્રકારની યોજના લોકોને કામ કરવા પ્રોત્સાહન આપતી નથી અને તેઓ દેશના વિકાસમાં ભાગીદાર બનતા નથી.

તેઓ મફતમાં રાશન મેળવે છે. તેઓને કામ કર્યા વગર નાણા મળે છે. લોકો પ્રત્યે રાજકીય પક્ષોની ચિંતા વચ્ચે સમજી શકીએ છીએ અને અમો તેનું સન્માન કરીએ છીએ પણ શું તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવીને કામ કરતા કરી દેશના વિકાસમાં સહયોગ આપે તે શું વધુ સારુ ગણી શકાય નહી!

સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ગરીબી દુર કરવા માટેના આયોજનમાં ફ્રી યોજનાઓ સામે નારાજગી દર્શાવી હતી. આ તકે એટર્ની જનરલ વી. વેંકટસ્વામીએ બચાવમાં કહ્યું કે કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નાબુદી મીશનને ફાઈનલ કરવા આગળ વધી છે. જેમાં ઘરવિહોણા લોકોને આવાસ આપવા સહિતની યોજનાઓનો સમાવેશ કરાશે.આ તકે જસ્ટીસ ગવઈએ આ કાર્યક્રમ અમલી બનાવવા કેટલો સમય લાગશે તે જણાવવા એટર્ની જનરલને કહ્યુંહતું અને સુનાવણી છ સપ્તાહ મુલત્વી રાખી હતી.

હાલમાં જ દિલ્હી ચૂંટણીમાં જે રીતે ભાજપ- 'આપ' અને કોંગ્રેસ પક્ષે રેવડીઓના વચનો આપ્યા તે ખૂબજ ટીકાનું રાજકારણ બની ગયા હતા.

અગાઉ મહારાષ્ટ્ર-હરિયાણા અને ઝારખંડની ચૂંટણીમાં પણ રેવડીઓની બૌછાર થઈ હતી જેમાં અનેક રાજ્યમાં બજેટ પણ વિખેરાય જાય તેવી જાહેરાતો પર અર્થશાસ્ત્રીઓને એ ચિંતા દર્શાવી હતી. તેઓ મફતમાં રાશન મેળવે છે. તેઓને કામ કર્યા વગર નાણા મળે છે. લોકો પ્રત્યે રાજકીય પક્ષોની ચિંતા વચ્ચે સમજી શકીએ છીએ અને અમો તેનું સન્માન કરીએ છીએ પણ શું તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવીને કામ કરતા કરી દેશના વિકાસમાં સહયોગ આપે તે શું વધુ સારુ ગણી શકાય નહી!સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ગરીબી દુર કરવા માટેના આયોજનમાં ફ્રી યોજનાઓ સામે નારાજગી દર્શાવી હતી.

### લગભગ છ દસકા બાદ આઈટી એકટમાં ફેરફારો : અનેક ગુંચવણો ઉકેલવાના પ્રયાસો થયા

# એપ્રિલ-૨૦૨૬થી લાગુ થશે નવો આવકવેરા કાયદો

### ૧૦ વર્ષમાં સરકારે આવકવેરામાં કરેલા અનેક સુધારામાં આ નવું ડાયરેકટ ટેકસ બિલ સૌથી મહત્વનું બની જશે




નવી દિલ્હી, તા. ૧૨

દેશના સીધા કરવેરામાં મહત્વપૂર્ણ આવકવેરા ધારામાં લગભગ છ દસકા બાદના સૌથી મોટા સુધારામાં જે નવું ઈન્કમટેક્સ બીલ લોકસભામાં રજૂ થયું છે તેમાં ૨૩ ચેપ્ટર, ૧૬ શેડયુલ અને ૫૩૬ કલમ હોવાનું બહાર આવ્યું છે અને આ નવા કાનુનનો અમલ એપ્રિલ-૨૦૨૬થી શરૂ કરવામાં આવશે. ઈન્કમટેક્સ એકટ-૧૯૬૧નું સ્થાન ઈન્કમટેક્સ એક્ટ-૨૦૨૫ લેશે. જેમાં સૌથી મહત્વના સુધારામાં હાલના આવકવેરા કાયદામાં 'પ્રીવીયસ યર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

હવે એસેસમેન્ટ વર્ષને ટેક્સ વર્ષ તરીકે એટલે કે 'ટેકસ યર' તરીકે ઓળખવામાં આવશે અને તેમાં હાલના કાયદામાં અલગ અલગ હેડ હેઠળ જે કંઈ જોગવાઈ છે તેમાં અનેક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા છે જેમાં હાલના કાયદાની કલમ-૧૯ જે ડીડેકશન ફોમ સેલેરી એટલે કે પગારમાંથી કપાતની જે જોગવાઈ છે.

તેમાં સેલેરી હેડ હેઠળ જે આવક પર ટેક્સ લાગશે તેના ડીડેકશનમાં ફેરફાર કરાયો છે. જેમાં કલમ ૨૭૬-૨માં જે ટેક્સ ઓન એમ્પલોઈમેન્ટ જે એમ્પ્લોઈમેન્ટ ટેકસ ગણાય છે તે કરદાતાને પૂરી રીતે બાદ મળશે. આ ઉપરાંત સ્ટાન્ડર્ડ ડીડેકશનની વ્યાખ્યા પણ નિશ્ચિત કરવામાં આવી છે.

ગત સપ્તાહે કેન્દ્રીય કેબીનેટે આ નવા ઈન્કમટેકસ બીલને મંજૂરી આપી હતી. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણમાં જ એપ્રિલ-૨૦૨૬થી નવું ઈન્કમટેકસ ધારો લાગુ થઈ જશે તેવું જણાવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષમાં સરકારે આવકવેરા સહિતના વેરા ક્ષેત્રમાં મોટા ફેરફાર કર્યા છે.

જેમાં આવકવેરામાં ફેસલેશ એસેસમેન્ટની પધ્ધતિ અપનાવાઈ છે. જેમાં કરદાતા અને આવકવેરા અધિકારીનો સીધો સંપર્ક થતો નથી પણ ઓનલાઈન તેઓ કવેરી અંગે ચર્ચા કરે છે અને તેના કારણે ભ્રષ્ટાચારને તક ઓછામાં ઓછી રહે છે. આ ઉપરાંત સરકારે રીફંડ પ્રક્રિયા ઝડપી બનાવી છે અને પ્રથમ ત્રણ માસમાં જ ૭૦ ટકાથી વધુ રીફંડ ચૂકવી દેવામાં આવે છે. સરકારે રીટર્ન ભરવામાં પણ સેલ્ફ એસેસમેન્ટને વધુ પ્રાધાન્ય આપ્યું છે. ૯૯ ટકા રીટર્ન સેલ્ફ એસેસમેન્ટને સરકાર માન્ય રાખે છે. આ ઉપરાંત જુના કરવેરા વિવાદોને ઉકેલવા માટે વિવાદ સે વિશ્વાસ સ્કીમ પણ અમલી બનાવાઈ છે અને નાણામંત્રીએ જાહેર કર્યુ તેમ સરકાર કરદાતાઓ પર વિશ્વાસ રાખવા માંગે છે 'ટ્રસ્ટ ફર્સ્ટ' સ્કુટીની લેટર તે અભિગમ અપનાવાયો છે.

# ગુજરાતમાં એક જ વર્ષમાં ૨.૭૦ લાખ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ થયા

## ૧,૦૨,૪૫૪ ઘરોમાં સોલાર રૂફટોપ રાજકોટ ૪થા ક્રમેઃ રાજયમાં રહેણાંક રૂફટોપ મારફત ૩૪૦૦ મેગાવોટ સૌરઉર્જાનુ ઉત્પાદન અમદાવાદ

અમદાવાદ,તા.૧૨

પીએમ સુર્યઘર યોજના હેઠળ ગુજરાતે એક જ વર્ષમાં ૧૦૦૦ મેગાવોટની વિજળી ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે સૌથી વધુ સોલાર રૂફટોપ લગાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાતમાં ૨.૭૦ લાખ ઘરોમાં વર્ષ દરમ્યાન સોલાર રૂફટોપ લગાવવામાં આવ્યા છે અને કુલ આંકડો ૮.૭૩ લાખ પર પહોંચ્યો છે.અમદાવાદમાં સૌથી વધુ ૧.૨૧ લાખ તથા રાજકોટમાં ૧.૦૨ લાખ ઘરોમાં સોલાર રૂફટોપ લગાવાયા છે.



ગુજરાત ઉર્જા વિકાસ નિગમના મેનેજીંગ ડાયરેકટર જયપ્રકાશ શિવહરેએ કહ્યું કે રાજયના મકાનોમાં સૌર ઉર્જા ઉત્પાદન ૩૪૦૦ મેગાવોટ પર પહોંચી ગયુ છે. અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ જેવા ચારેય મહાનગરોમાં ૧-૧ લાખથી વધુ મકાનોમાં સોલાર રૂફટોપ લાગી ગયા છે. રાજયના તમામે તમામ જીલ્લાઓમાં વતા ઓછા પ્રમાણમાં સોલાર રૂફટોપ છે.

તેઓએ કહ્યું કે, ગ્રાહકોને જ વિજ ઉત્પાદન બનાવવાની વડાપ્રધાન મોદીની દીર્ઘદ્રષ્ટિના ફળસ્વરૂપ રાજય સરકારે સોલાર રૂફટોપને પ્રોત્સાહન આપતી સ્પષ્ટ નીતિ અમલમાં મુકી જ છે. પીએમ સૂર્યઘર યોજના સાવ સરળ પ્રક્રિયા છે અને ઝડપી તથા ઓટોમેટીક ધોરણે જ તેને મંજુરી મળી જાય છે.

છેલ્લા એક જ વર્ષમાં ગુજરાતમાં ૨.૭૦ લાખ ઘરોમાં પરિવારોએ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરાવ્યા છે. સોલાર રૂફટોપ વિક્રેતાઓને સબસીડીનું પેમેન્ટ ઝડપથી અને સમયસર થઈ શકે તે માટે સરકારે રોલીંગ ફંડ મિકેનીઝમ અપનાવ્યુ છે.

તેના થકી ગુજરાત સૌથી વધુ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરવાની સિદ્ધિ મેળવી શકયુ છે. ઉપરાંત લોકો-ગ્રાહકો જ તેના ફાયદાની એકબીજા સાથે વાતો કરતા હોવાથી વધુને વધુ પરિવારો તેને અપનાવતા થયા છે.

ગુજરાતમાં સોલાર રૂફટોપ માટેનુ મજબૂત નેટવર્ક છે. સ્થાનિક સ્તરે અનેક ઉત્પાદક કંપનીઓ તથા ૧૧૦૦ જેટલા વિજેતાઓથી સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાયુ છે અને ગ્રાહકોને તેનો લાભ મળે છે. સરકારના પ્રોત્સાહનનુ પણ મોટુ યોગદાન છે.

કેન્દ્ર સરકારે ગત વર્ષના ફેબ્રુઆરીમાં પીએમ સૂર્યઘર યોજનાની પહેલ કરી હતી અને સબસીડી વધારીને ૭૮૦૦૦ કરી દેવામાં આવતા સોલાર રૂફટોપને વેગ મળ્યો હતો.

જાણકારોના કહેવા પ્રમાણે ગુજરાતમાં સૌથી મોટી વસતી અમદાવાદની છે એટલે દેખીતી રીતે અમદાવાદમાં જ સૌથી વધુ સોલાર રૂફટોપનુ ઈન્સ્ટોલેશન હોઈ શકે છે. જો કે, શહેરમાં મહતમ એપાર્ટમેન્ટ છે. રાજકોટ તથા વડોદરામાં મકાન-ટેનામેન્ટ વધુ હોવાથી આ શહેરોમાં પણ વૃદ્ધિદર મોટો છે.

### સોલાર રૂફટોપ સંખ્યા

| જીલ્લો | સોલાર રૂફટોપ | વિજ ઉત્પાદન |
|---|---|---|
| અમદાવાદ | ૧,૨૧,૮૨૬ | ૫૩૯.૧૨ મેગાવોટ |
| સુરત | ૧,૧૭,૭૮૪ | ૫૦૫.૪૪ મેગાવોટ |
| વડોદરા | ૧,૦૮,૯૪૯ | ૪૩૭.૬૬ મેગાવોટ |
| રાજકોટ | ૧,૦૨,૪૫૪ | ૩૮૦.૩૪ મેગાવોટ |
| ભાવનગર | ૩૩,૦૨૬ | ૧૧૬.૩૭ મેગાવોટ |
| આણંદ | ૩૨,૭૨૧ | ૧૨૮.૬૬ મેગાવોટ |
| ગુજરાત | ૮,૭૩,૪૩૨ | ૩૪૨૭.૪૩ મેગાવોટ |

# રાજકોટ જિલ્લાની પાંચ પાલિકાની ૧૬૮ અને ચાર તાલુકા પંચાયતની ૬ બેઠકોની ચૂંટણી માટે રૂા. ૮૦ લાખની ગ્રાન્ટ માંગતું કલેકટર તંત્ર

## ચૂંટણી આયોગની ગાઈડલાઈન મુજબ બુથ દીઠ માત્ર ૨૫ હજારના ખર્ચની મર્યાદા

રાજકોટ, તા. ૧૨

રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાની તેમજ ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે જિલ્લા કલેકટર તંત્ર સજજ બની જવા પામેલ છે. આ ચૂંટણી માટે કલેકટર તંત્ર દ્વારા ચૂંટણી આયોગ પાસે રૂા. ૮૦ લાખની ગ્રાન્ટ માંગવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ચૂંટણી આયોગની ગાઈડલાઈન મુજબ આ ચૂંટણીમાં બુથ દીઠ માત્ર રૂા. ૨૫ હજારના ખર્ચની મર્યાદા જાહેર કરી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લામાં જસદણ, જેતપુર, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા નગરપાલિકાની ચૂંટણી



યોજવામાં આવનાર છે.

તેની સાથોસાથ ઉપલેટા, જસદણ, જેતપુર અને ગોંડલ એમ ચાર તાલુકા પંચાયતની ડુમીયાણી, મોટી પાનેલી, આંબરડી, ભાડલા, પીઠડીયા અને સુલતાનપુર એમ છ બેઠકોની પેટા ચૂંટણી યોજવામાં આવી છે.

આ ચૂંટણી માટે ૪ હજારથી વધુ કર્મચારીઓને તાલીમ આપી સજજ કરી દેવામાં આવેલ છે. તેમજ પોલીસ કર્મચારીઓનું પુરતુ સંખ્યાબળ પણ ચૂંટણી બંદોબસ્ત માટે ફાળવી દેવામાં આવેલ છે. નગરપાલિકા અને તાલુકા પંચાયતની આ ચૂંટણીના ખર્ચ પેટે કલેકટર તંત્ર દ્વારા રૂા. ૮૦ લાખની ગ્રાન્ટ ફાળવવા માટે ચૂંટણી આયોગને દરખાસ્ત મોકલવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે જિલ્લાની પાંચ નગરપાલિકાની અને ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની ચૂંટણી માટે ચૂંટણી આયોગ દ્વારા ઓબ્જર્વરની નિયુકિત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારોના બેલેટ પેપર પણ પ્રિન્ટીંગ કરી દેવામાં આવેલ છે. સુચારૂ રૂપથી સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી યોજાઇ તે માટે કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર - કચ્છમાં ઠંડી સંપૂર્ણ ગાયબ

### નલિયા – રાજકોટ સહિત મોટાભાગનાં સ્થળોએ ૧૪ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયું



રાજકોટ,તા.૧૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠેર ઠેર આજે પણ વ્હેલી સવારે ધૂમ્મસ સાથે ઠંડી સાવ ગાયબ રહી હતી અને મોટાભાગનાં સ્થળોએ ૧૪ ડિગ્રીથી ઉપર તાપમાન નોંધાયું હતું.આજે સવારે નલિયામાં ૧૪.૪, ભુજમાં ૧૮, કંડલામાં ૧૮.૪, તથા રાજકોટમાં ૧૭.૭ પોરબંદરમાં ૧૮.૪, વેરાવળમાં ૧૮.૭, ઓખામાં ૨૧.૨ અને અમદાવાદમાં ૧૭.૫, વડોદરામાં ૧૬.૪, ભાવનગરમાં ૧૮.૪, ડિસામાં ૧૪.૮, દિવમાં ૧૫.૧, દ્વારકામાં ૨૦.૬, તથા ગાંધીનગરમાં ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

ચારે જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૧ ડિગ્રીના વધારા સાથે ૧૬.૬ ડિગ્રી પારો પહોંચ્યો હતો. તો મહતમ તાપમાનમાં ૩ ડિગ્રીના ઘટાડા સાથે ૨૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જયારે પવનની ગતિમાં ૪ કિ.મી.ના વધારા સાથે ૭.૭ કિ.મી. ઝડપ નોંધાઈ હતી. તો સતત બીજા દિવસે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા રહેતા મોડી રાત્રીથી ધૂમ્મસ છવાઈ ગઈ હતી.

# રાજ્યમાં ગેરકાયદે ધાર્મિક સ્થાનો દૂર કરવા જિલ્લા અને કોર્પોરેશન સ્તરે કમીટીઓની રચના

### બે માસમાં ૧૫૬ દબાણો દુર કરાયા ૪૫૮ ને નોટીસ હાઈકોર્ટમાં સરકારનો જવાબ

અમદાવાદ,તા.૧૨

રાજ્યભરમાં જાહેર રસ્તા સહિતના સ્થળોએ અડચણરૂપ ધાર્મિક સ્થાનો હટાવવા અંગેની સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ અમલીકરણ માટે થયેલી સુઓમોટો પીઆઇએલમાં રાજય સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે, ગેરકાયદે ધાર્મિક સ્થાનો દૂર કરવા મામલે સુપ્રીમકોર્ટના નિર્દેશના ઝડપી અમલીકરણના ભાગરૂપે જિલ્લા સ્તરે અને કોર્પોરેશન સ્તરે કમીટીઓની રચના કરાઇ છે.

રાજયના દરેક જિલ્લાઓમાં આવી કમીટીની રચના થઇ ચૂકી છે. જેમાં ૪૫૮ જેટલા આવા દબાણોને નોટિસ અપાઇ છે, તો, ૨૬૦૭ કિસ્સામાં સ્થાનિક અખબારોમાં નોટિસ જારી કરવામાં આવી છે.ગેરકાયદે ધાર્મિક સ્થાનો દૂર કરવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે અને તે માટે તંત્ર અને સત્તાવાળાઓ કટિબધ્ધ છે. હાઇકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૪થી માર્ચે રાખી હતી.

બીજી બાજુ એડવોકેટ જનરલએ ગુજરાત હાઇકોર્ટમાં એક અહેવાલ રજૂ કરીને જણાવાયું કે, તા.૨૧-૧૧-૨૦૨૪થી તા.૩૧-૧-૨૦૨૫ સુધી રાજયમાં કુલ ૧૫૬ જેટલા ગેરકાયદે અને અવરોધરૂપ ધાર્મિક સ્થાનો દૂર કરવામાં આવ્યા છે.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે જરૂર પડયે આવા કેસોમાં લેન્ડ ગ્રેબીંગ





એકટ હેઠળ પણ દબાણકર્તાઓ સામે કાર્યવાહી કરવા સરકારપક્ષને તાકીદ કરી હતી.ઉલ્લેખનીય છે કે, ગત 03 ડીસેમ્બરની સુનવણીમાં કોર્ટને જણાવાયુ હતું કે, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૪ સુધીના બે મહિનામાં ૨૬૧ ગેરકાયદે ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૩૬ જિલ્લા અને ૨૫ કોર્પોરેશન વિસ્તારમાંથી દૂર કરાયા છે. ૫૬ને રિલોકેટ કરાયા છે અને ૨૫ ધાર્મિક દબાણને નિયમિત કરાયા છે.

મોટાભાગના દબાણો જાહેર સ્થળો, માર્ગ અને બગીચાઓની જગ્યાએથી દૂર કરાયા છે. હાઈકોર્ટે ગૃહ વિભાગના સચિવને સોગંદનામું કરવા અને આ મામલે પ્રગતિ અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આદેશ કર્યો હતો.આજરોજ થયેલી સુનાવણીમાં રજૂ કરવામાં આવેલા અહેવાલ બાદ હાઇકોર્ટે રાજયના ગૃહવિભાગને પણ આવા ધાર્મિક સ્થાનો હટાવવાના સમયે તેઓને પૂરતો અને યોગ્ય પોલીસ બંદોબસ્ત આપવા પણ નિર્દેશ કર્યો હતો.

હાઇકોર્ટે ધાર્મિક સ્થાનોની સમીક્ષા અને તેને દૂર કરવા મુદ્દે જિલ્લા સ્તરે રચાયેલી કમીટીઓ દ્વારા છેલ્લા ત્રણ મહિના દરમ્યાન હાથ ધરાયેલી કામગીરીનો રિપોર્ટ પણ સરકાર પાસેથી માંગ્યો છે. રાજયમાં ગેરકાયદે ધાર્મિક સ્થાનો હટાવવા અંગેની કામગીરીનો રિપોર્ટ રજૂ કરતાં સરકારપક્ષ તરફથી જણાવાયું કે, રાજયમાં ઉપરોકત સમયમર્યાદામાં હટાવાયેલા કુલ ૧૫૬ ધાર્મિક સ્થાનો પૈકી ૧૨૭ ધાર્મિક સ્થાનો જિલ્લા વહીવટી તંત્રના કાર્યક્ષેત્રમાં આવતા હોય તેવી જગ્યામાંથી દૂર કરાયા છે, જયારે ૨૯ ધાર્મિક સ્થાનો મહાનગરપાલિકા હસ્તકની જગ્યામાંથી દૂર કરાયા છે.

# એસ.ટી.ની કુંભ સ્પે.વોલ્વો સેવાનો ૩૦૦૦થી વધુ મુસાફરોએ લાભ લીધો

### અમદાવાદ – રાજકોટ – સુરત અને મહેસાણાથી અત્યાર સુધીમાં કુંભ માટે વોલ્વોની ૧૦૦થી વધુ ટ્રીપો દોડાવવામાં આવી

રાજકોટ,તા.૧૨

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાત રાજય એસટી નિગમ દ્વારા મહાકુંભમાં જવા માટે ખાસ પેકેજ સાથેની વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાથી આ ખાસ બસો દોડાવવામાં આવી રહી છે. આ બસોને રાજયભરમાંથી વ્યાપક પ્રતિસાદ પણ મળી રહ્યો છે અને આખા માસનું બુકીંગ લગભગ તમામ સ્થળોએ થઈ ગયું છે.દરમ્યાન એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ઉપરોકત ચાર શહેરોમાંથી રોજેરોજ ઉપડતી વોલ્વો બસ ફુલ દોડી રહી છે અને આગામી દિવસોમાં પણ ફુલ દોડશે કારણ કે ચાલુ માસના અંત સુધીનું બુકીંગ થઈ જવા પામ્યું છે.

વધુમાં એસટી નિગમના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ મહાકુંભ માટે ઉપરોકત ચારેય શહેરોમાંથી અત્યાર સુધીમાં ૩૦૦૦થી વધુ મુસાફરોએ વોલ્વો બસ સેવાનો લાભ લીધો છે. અને એસટી તંત્રએ અત્યાર સુધીમાં કુંભ માટે ૧૦૦થી વધુ ટ્રીપો દોડાવી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદથી ગત તા.૨૭ જાન્યુઆરીથી અને રાજકોટ અમદાવાદ અને સુરતમાંથી તા.૪ ફેબ્રુઆરીથી વોલ્વો બસો શરૂ કરવામાં આવી છે. એસટી વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ મહાકુંભ પૂર્ણ થતામાં રાજયભરના ચારથી પાંચ હજાર જેટલા મુસાફરો વોલ્વો બસ સેવાનો લાભ લે તેવા શકયતા છે.



### કુંભની બસોમાં ખાસ મોનીટરીંગ માટે રાજકોટ એસ.ટી. વિભાગે ૨૧ સુપરવાઈઝરોની નિયુકિત પણ કરી

રાજકોટ તા.૧૨

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ અમદાવાદ વડોદરાથી મહાકુંભમાં જવા માટે એસટી નિગમ દ્વારા જે વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી છે તેમાં એસટી તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા અને સગવડતાને ખાસ ધ્યાન રાખવામાં આવેલ છે. અને દરેક બસોમાં ડ્રાઈવર ઉપરાંત ખાસ સુપરવાઈઝરની નિયુકિત પણ કરવામાં આવી છે.

આ સુપરવાઈઝર કુંભ પહોંચવા સુધી અને ત્યાંથી નિયત સ્થળ આવવા સુધીમાં મુસાફરોની સુવિધાઓનું ખાસ ધ્યાન રાખે છે અને સતત મોનીટરીંગ કરે છે. રાજકોટ એસટી વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ મહાકુંભ માટે એસટી વિભાગે વોલ્વો બસોમાં મુસાફરો સાથે જવા માટે ૨૧ જેટલા સુપરવાઈઝરોની નિયુકિત કરી છે. આ ઉપરાંત એક વધારાના ડ્રાઈવરની નિયુકિત પણ દરેક બસમાં કરવામાં આવેલ છે.

# સોલાર પીવી સિસ્ટમ પર રાજકોટની પોલિટેકિન્ક કોલેજ ખાતે ફેકલ્ટી ડેવલપમેન્ટ તાલીમ યોજાઈ



રાજકોટઃ રાજકોટની સરકારી પોલિટેકિન્ક કોલેજના મીકેનિકલ વિભાગ દ્વારા ગુજરાત રાજયની વિવિધ ઈજનેરી-પોલિટેકિન્ક કોલેજના ફેકલ્ટીઓ માટે એક સપ્તાહનો ફેકલ્ટી ડેવલપમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો હતો.

ભવિષ્યવાદી ટકાઉ અને ગ્રીન એનર્જી- સોલાર પીવી સિસ્ટમ્સ -ISTE અને DTE દ્વારા મંજૂર આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ સોલાર પીવી સિસ્ટમ્સ સંબંધિત અદ્યતન ટેકનોલોજી અને ફિલ્ડ પ્રેક્ટિસની શોધ કરવાનો હતો. આ તાલીમમાં સોલર પીવી સિસ્ટમ્સ, સોલાર પીવી સિસ્ટમ્સનું હાલની ગ્રીડ સ્ટ્રક્ચર સાથે એકીકરણ, સોલર પીવી સિસ્ટમ્સ સામેના પડકારો, સોલાર પીવી સિસ્ટમ્સ સંબંધિત તાજેતરના સંશોધન વલણો સંબંધિત વિષયોનો સમાવેશ થાય છે. આ પ્રોગ્રામમાં રાજકોટના ધારાસભ્ય ડૉ. દર્શિતાબહેન શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સરકારી પોલિટેકિન્ક-રાજકોટના આચાર્ય ડૉ. એ. એસ. પંડ્યાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટ્રેનિંગ યોજાઈ હતી. આ તાલીમ કાર્યક્રમનું સંચાલન મિકેનિકલ વિભાગના શ્રી નિત્યમ પી. ઓઝા દ્વારા કરાયું હતું.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પ્રદેશ NSUI પ્રમુખની વિદ્યાર્થીઓને નજીવી ફી સાથે ભણાવતી ગ્રાન્ટેડ કોલેજો ચાલુ રાખવા માગ

■ **રાજકોટની ગ્રાન્ટેડ કોલેજ, કોર્સ બંધ ન કરવા શિક્ષણમંત્રીને રજૂઆત**




રાજકોટ, તા. ૧૩ઃ રાજકોટ શહેરના હાર્દ સમાન કાલાવડ રોડ ઉપર કોટેચા ચોક પાસે આવેલી ૨અને ૧ એકર જગ્યામાં પથરાયેલી અંદાજિત છેલ્લા ચાર દાયકાથી કાર્યરત એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ તેમજ સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સનો બેચલર ડિગ્રીનો કોર્સ બંધ ન કરવા માટેની અરજી પ્રદેશ NSUI પ્રમુખ નરેન્દ્ર સોલંકી દ્વારા રાજ્યના શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલને કરવામાં આવી છે. આ ઉપરાંત આ અરજી ઉચ્ચ શિક્ષણ કમિશનર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તેમજ કુલસચિવને કરવામાં આવી છે.

**'૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ છોડવા મજબૂર થશે'**

ગજ્જરઈએ જણાવ્યું છે કે, અમો ધ્યાન દોરવા માંગીએ છીએ કે, એમ. ટી. ધમસાણીયા કોલેજમાં હાલમાં બી.કોમ. અને બીબીએનો કોર્સ ગ્રાન્ટેડ ધોરણે ચાલે છે. તેમજ અહીં હાલમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને ૬ કાયમી પ્રોફેસર છે. અહીં રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી કે જેઓની આર્થિક પરિસ્થિતિ નબળી છે, તેવા વિદ્યાર્થી સ્નાતકનો અભ્યાસ કરે છે. જેમની વાર્ષિક રૂપિયા ૩૦૦૦ જેટલી નજીવી ફી લઇ ભણાવવામાં આવે છે. આ ઉપરાંત સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સમાં ૮૧ વિદ્યાર્થીનીઓ રૂ. ૧૨૦૦ની નજીવી વાર્ષિક ફીથી અભ્યાસ કરી રહી છે. હવે જો આ કોલેજો બંધ કરવામાં આવે તો રાજ્યના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમાય તેમ છે. કારણ કે, તેઓ ખાનગી કોલેજની ભારે ભરખમ ફી ભરી શકે તેવી તેમની પરિસ્થિતિ નથી, જેના કારણે તેઓને મજબૂરીમાં અભ્યાસ છોડવો પડે છે.એક તરફ રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે મહત્વ આપી રહી છે, ત્યારે બીજી તરફ જો આવી કોલેજો બંધ થતી રહેશે તો ગુજરાતના યુવાનોનું ભવિષ્ય જોખમાય તેમ છે. આથી માંગણી છે કે, એમ. ટી. ધમસાણીયા ગ્રાન્ટેડ કોલેજ ચાલુ રાખવામાં આ.વે તેમજ સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સ કોર્સ બંધ કરવામાં ન આવે.

**અરજી મળ્યા બાદ આગળની કાર્યવાહી કરીશુંઃ કુલપતિ**

આ બાબતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, ધમસાણીયા કોલેજ બંધ કરવા તેમજ સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સ કોર્સ બંધ કરવા માટે જે અરજી કરવામાં આવેલી છે તે મારી નિમણૂક પહેલાની છે. જે વિષય હજુ સુધી મારા ધ્યાનમાં આવ્યો નથી. અરજી મળ્યા બાદ આગળની કાર્યવાહી માટે સરકારના માર્ગદર્શન મુજબ નિર્ણય લેવામાં આવશે.

# જામનગરના મહિલાએ પ્રયાગરાજ મહાકુંભમાં જ્યુટ બેગનું વિતરણ કરી પર્યાવરણ બચાવોનો સંદેશ આપ્યો

■ **અંદાજે ૧૫૦૦ જેટલા ઈકો ફ્રેન્ડલી જ્યુટ બેગ્સ બનાવી સાધુ સંતોને અર્પણ કર્યા**



જામનગર તા.૧૧ ફેબ્રુઆરી, ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે તા.૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં કરોડો લોકોએ આસ્થાની ડૂબકી લગાવી છે. ગુજરાત માંથી પણ મોટી સંખ્યામાં લોકો મહાકુંભ મેળામાં પહોચ્યા છે. ત્યારે જામનગરમાં રહેતા નિધિબેન દવે અને તેમના પતિએ કુંભ મેળામાં પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી અનોખું સેવાકીય કાર્ય કર્યું છે. તેઓએ મહાકુંભમાં ૧૫૦૦ જેટલા જ્યુટ બેગ્સનું સાધુ સંતોને વિતરણ કર્યું હતું. જ્યુટ એટલે કે શણ માંથી બનાવેલી વસ્તુઓ જે ટકાઉ હોય છે અને સાથે સાથે ઈકો ફ્રેન્ડલી પણ હોય છે. જામનગરમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુથી તેમજ લોકોનું સ્વાસ્થ્ય સુધરે તે હેતુથી બે દિવસીય મીલેટ્સ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા. તે પૈકી ઈકો ફ્રેન્ડલી વસ્તુઓને પ્રોત્સાહન આપવા માટે નિધિબેન દવેને સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો.

તેઓ જણાવે છે કે, હું જામનગરમાં ૭ વર્ષથી જ્યુટ માંથી વિવિધ વેરાયટીઓના બેગ્સ તેમજ માટીની વસ્તુઓ બનાવીને તેનું વેચાણ કરું છુ. મેં મારા પતિ અને પરિવાર સાથે જામનગરથી પ્રયાગરાજ મહાકુંભમાં પહોચી પર્યાવરણ બચાવવાનો સંદેશો આપવાના હેતુથી ૧૫૦૦ જેટલા જ્યુટ બેગ બનાવ્યા હતા. અને ત્યાં સાધુ સંતોને તેનું વિતરણ કર્યું હતું. જેથી કરીને તેઓ આ ઈકો ફ્રેન્ડલી બેગમાં પોતાની વસ્તુઓ રાખી શકે અને લાંબાગાળા સુધી એક કરતા વધુ વખત તેનો ઉપયોગ કરી શકે. ઉલ્લેખનીય છે કે ઈકો ફ્રેન્ડલી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના હેતુથી અને પર્યાવરણ બચાવવાના ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા પણ અનેક પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

# એસએફએસ એજ્યુ એક્ષ્પો અને નેમ આર્ટ્સના સંયુક્ત ઉપક્રમે શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજાઈ

■ સામાજિક જાગૃતિના વિષયો પર દેશભરમાંથી ૬૦થી વધુ ફિલ્મો આવી : કુલ એંસી હજારના રોકડ પારિતોષિક અપાયા



સુરત, તા. ૧૩: એસ.એફ.એસ. એજ્યુ એક્સ્પો અને નેમ આર્ટ્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી શોર્ટ ફિલ્મ કોમ્પિટિશનમાં સ્પર્ધામાં વ્યસનમુક્તિ, એકલતા, પર્યાવરણ સંરક્ષણ, ટ્રાફિક જાગૃતિ અને સ્વચ્છતા જેવા સામાજિક વિષયો પર સાંઇઠથી વધુ સર્જકો અને વિદ્યાર્થીઓએ ફિલ્મ્સ બનાવી હતી.જેમાંથી પંદર ફિલ્મોને શોર્ટ લીસ્ટ કરવામાં આવી હતી અને પાંચમી ફેબ્રુઆરીના રોજ જાહેર સ્ક્રિનીંગ બાદ વિજેતાઓ જાહેર કરાયા હતા. વિજેતાઓને એસએફએસ એજ્યુ એક્ષ્પોના પ્રમુખ ડી વી મહેતા, સુદીપ મહેતા,નેમ આર્ટ્સના મનીષ પારેખ તથા જ્યુરીના હાથે કુલ એંસી હજારના રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાંથી શ્રેષ્ઠ દિગ્દર્શકનો ૧૫,૦૦૦નો પુરસ્કાર ધરતી ચીનાઈ, સુરતને ''સ્ટોપ એન્ડ થિંક - ઈટ મેટર્સ'' ફિલ્મ માટે, શ્રેષ્ઠ વાર્તા માટે રૂ. ૧૫,૦૦૦નો પુરસ્કાર શુભમ ચૌધરી, શબ્દ સ્પર્શ પ્રોડક્શન, સુરતને ''આઈ એમ હિયર ફોર યુ'' માટે, શ્રેષ્ઠ એડિટિંગ માટે રૂ. ૧૫,૦૦૦નો પુરસ્કાર માનવ દુધરેજીયા, ક્રાઇસ્ટ સ્કૂલને ''સોલિટ્યુડ ઈઝ ટેમ્પરરી'' માટે અપાયો છે. શ્રેષ્ઠ ફિલ્મ/પ્રોડ્યુસરનો રૂ. ૧૦,૦૦૦નો પુરસ્કાર યુવરાજસિંહ જાડેજા, ટીમ ''અલબેલા'', ભુજ-કચ્છને ''આખરી ખેલ'' માટે,શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી માટે રૂ. ૫,૦૦૦નો પુરસ્કાર નયન ચત્રાતિયા, સંસ્કૃતિ ફિલ્મ્સ પ્રોડક્શન, પાલનપુરને ''લાઇફ'' માટે , શ્રેષ્ઠ અભિનેતાનો રૂ. ૫,૦૦૦ પુરસ્કાર સમગ્ર ટીમ પ્રાઇઝ, એમફ્લિક્સ, મોદી સ્કૂલને ''ફુલ સ્ટોપ'' માટે આપવામાં આવ્યો છે. શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર નાઈજીરીયન વિદ્યાર્થીની ચિનાતુ ઓસોન્ડુ, ડિકોનાતુ ટીવી, આર.કે. અનેમારવાડી યુનિવર્સિટીને ''એડિક્શન'' માટે રૂ. ૫,૦૦૦ આપવામાં આવ્યો છે. શ્રેષ્ઠ સંગીત માટે જીનિયસ સ્કૂલને રૂ. ૫,૦૦૦નો પુરસ્કાર ''હૌંસલા - અંધેરે મે ઉમ્મેદ કી કિરણ'' માટે અપાયો છે. શ્રેષ્ઠ સાઉન્ડ ડિઝાઇન માટે શુભાંગ ઓલપાડકર, એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદને ''અનચેઇન્ડ'' માટે રૂ. ૫,૦૦૦નું ઇનામ એનાયત કરાયું છે. આ સ્પર્ધાની નિર્ણાયક સમિતિમાં જાણીતા ફિલ્મ દિગ્દર્શક હારિતઋષિ પુરોહિત, લેખક સંજય વી શાહ, સિનેમેટોગ્રાફર મિહિર ફિચડિયા અને પ્રખ્યાત ટેલિવિઝન અભિનેત્રી દ્રષ્ટિ પંડ્યા સામેલ હતા. કાર્યક્રમનું સંચાલન ચેતસ ઓઝાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીકાંત તન્ના,પ્રભુ સર, હેતલ ભાવસાર, ચાર્મી કંસારા, આદિત્યરાજસિંહ ઝાલા, સુહેલ શેખે જહેમત ઉઠાવી હતી.

# પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિતે વિચાર સંઘ દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો

■ પંડિત દીનદયાળ જી દ્વારા રોપાયેલ બીજ આજે વટ વૃક્ષ બન્યું , દીનદયાળ જી આપણા સૌના માર્ગદર્શક છેઃ તેજસ ગોરસીયા




રાજકોટ, તા. ૧૩: પંડિત દીનદયાળ ઉપાધ્યાય જી ની પુણ્યતિથિ નિમિત્તે પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો તેમજ આગામી દિવસોમાં સંસ્થા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવનાર છે તેના વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘ ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડો.તેજસ ગોરસીયા ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ આ અવસરે તેજસ ગોરસીયા એ કહ્યું હતું કે પંડિત દીનદયાળ જી એ આપણા સૌ ના માર્ગદર્શક છે , તેમના દ્વારા રોપાયેલ બીજ આજે વટ વૃક્ષ બન્યું છે, દીનદયાળ જી એ એકાત્મ માનવ વાદ ના પ્રણેતા, જન સંઘ ના સંસ્થાપક છે તેઓ ની વિચારધારા અને તેઓ દ્વારા કરવામાં આવેલા કાર્યો સદૈવ આપણા હૃદયમા રહેશે., દીનદયાળ જી દ્વારા કરવામાં આવેલ કાર્યકર્તાઓ નું નિર્માણ એ આજે પણ સૌ માટે ઉદાહરણ રૂપી બન્યું છે. આ પ્રસંગે પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર સંઘના હોદ્દેદારો સૌરાષ્ટ્ર ના પ્રભારી અશ્વિન જોશી, રાજકોટ ના પ્રમુખ કેતન જોશી, પ્રદેશના હિતેન્દ્ર વડેરા, પ્રદેશ યુવા પાંખના મયુર ગંગાણી તેમજ સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા ઉપરાંત રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી ભાવના શર્મા અને સંગઠન મંત્રી બદ્રી સોમાણીનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયું હતું.

# વેરાવળમાં મેરીટાઈમ બોર્ડની જમીન ઉપર ભાજપના પૂર્વ પાલિકા પ્રમુખે કબજો જમાવી બારોબાર ભાડે ચડાવી

- જીલ્લા કલેકટરની સુચનાથી તપાસ થતા ભાજપના આગેવાન માસીક ૪૦ હજાર ભાડું વસુલતા હોવાનો ઘટસ્ફોટ થયો
- તંત્રએ ૪ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરતા ચકચાર





તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૩ઃ ગીર સોમનાથ જીલ્લામાં સરકારી જમીનના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા એ ચોંકાવનારા જમીન કૌભાંડની માહિતી આપતાં જણાવ્યું હતું કે, વેરાવળના પ્રભાસ પાટણ વિસ્તારમાં ગુજરાત મેરિટાઈમ બોર્ડ (ત્રૠઇ)ની માલિકીની અંદાજે રૂ. ૪ કરોડની કિંમતની જમીન પર ભાજપના પૂર્વ નગરપાલિકા પ્રમુખ કિશોર કુહાડાએ ગેરકાયદે કબજો કરી લીધો હતો. આ જમીન ભાલકા મંદિરથી ભીડિયા તરફના રસ્તા પર આવેલી નારાયણ આઈસ ફેક્ટરીની પાછળ આશરે ૩,૨૦૦ ચો.મી. જમીન પર કિશોર કુહાડાએ ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. બાદમાં તેમણે આ જમીન પરપ્રાંતીય વ્યક્તિ જેમ્સ રોબર્ટ પીઆરને માસિક રૂ. ૪૦ હજારના ભાડે આપી હોવાનું તપાસમાં સામે આવ્યુ છે. આ જમીન અંગે મેરીટાઈમ બોર્ડના અધિકારીની રજૂઆત બાદ કલેક્ટરે અધિકારીઓને તપાસ કરવા સુચના આપી હતી. જેને લઈ સ્થળ તપાસ પર પહોંચેલા અધિકારીઓએ જમીનના કબજો ધરાવતા જેમ્સ રોબર્ટે કબૂલ્યું કે, તેઓએ છેલ્લા પાંચ વર્ષથી કિશોર કુહાડા પાસેથી આ જમીન ભાડે રાખી વ્યવસાય કરી રહ્યા છે અને તેનું માસિક રૂ.૪૦ હજાર ભાડું ચૂકવી રહ્યા છે. બાદમાં આ જમીનના રેકોર્ડની ચકાસણીમાં જમીન મેરીટાઈમ બોર્ડની માલિકીની હોવાનું સામે આવેલ અને કોઈપણ પ્રકારની લીઝ કે કરાર વિના ગેરકાયદે ઉપયોગમાં લેવાઈ રહી હતી. જેને લઈ કલેક્ટરની સૂચના મુજબ મામલતદાર અને મેરીટાઈમના અધિકારીઓએ સંયુક્ત કાર્યવાહી હાથ ધરી જમીન ખાલી કરાવી હતી. આ કાર્યવાહીથી સરકારી મિલકતને થતું નુકસાન અટકાવવામાં સફળતા મળી છે. તો બીજી તરફ સરકારી જમીન બારોબાર ભાડે ચડાવી લાખોની રકમનું ગેરકાયદે ભાડું વસુલ કરવામાં ભાજપના નેતા અને પૂર્વ પાલિકા પ્રમુખ કિશોર કુહાડાની સંડોવણી સામે આવતા ચકચાર મચી જવા પામી છે. રાજકોટ જિલ્લા ભાજપ ના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા તથા મહામંત્રી રવિભાઈ માકડીયા ના માર્ગદર્શન હેઠળ આજ રોજ ધોરાજી નગરપાલિકા ના વોર્ડ ન.૫ ચૂંટણી અંતર્ગત મળેલી મીટીંગ માં સોમનાથ ના પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિન્હ પરમારરાજકોટ જિલ્લા પંચાયત સીટ ના સભ્ય પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા ધારોજી શહેર ભાજપ ના પૂર્વ પ્રમુખ વિનુભાઈ માથુકીયા પૂર્વ શહેર પ્રમુખ રાજેશભાઈ બાલધા શહેર ભાજપ પ્રમુખ કૌશીકભાઈ વાગડીયા ધોરાજી તાલુકા ભાજપ મહામંત્રી હરદિપસિંહ રાયજાદા તથા સર્વે ઉમેદવારો તથા વોર્ડના વિસ્તાર વાસીઓ ઉપસ્થિત રહા હતા.

# ગુજરાતમાંથી ડીપોર્ટેશન ૧૫ બાંગ્લાદેશીને ઘર ભેગા કરાયા

**૫૦ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ બાદ ૧૫ને પરત મોકલાયા, બાકીનાને પણ તૂર્તમાં રવાના કરાશે  ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીનું ટવીટ**



અમદાવાદ,તા.૧૨

અમેરિકામાંથી ગુજરાતી સહિત ૧૦૪ ભારતીયોને પાછા ધકેલ્યાનો મુદો ચગેલો છે ત્યારે હવે ગુજરાતે પણ ગેરકાયદે વસાહતીઓને ડીપોર્ટ કરવાનુ શરૂ કરાયુ હોય તેમ ૧૫ બાંગ્લાદેશી નાગરિકોને ઘરભેગા કરી દેવામાં આવ્યા હતા.

રાજયમાં કુલ ૫૧ બાંગ્લાદેશીઓ સામે પોલીસે કાર્યવાહી કરી છે. બાકીનાને હવે ડીપોર્ટ કરાશે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ટવીટ કરીને આ માહિતી જાહેર કરવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ કહ્યું કે, અમદાવાદના ચંડોળા તળાવની આસપાસ જ આ ગેરકાયદે બાંગ્લાદેશી વસાહતીઓનો વસવાટ હતો અને મોટાભાગના ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાયેલા હતા. બોગસ પાસપોર્ટ તથા હ્યુમન ટ્રાફીકીંગમાં સંડોવણી ખુલી હતી અને તે માટે ગુના પણ દાખલ કરાયા હતા.

સગીરાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાનો પણ આરોપ હતો. પોલીસ દ્વારા ગેરકાયદે ઘુસીને રાજયમાં રહેતા ૫૧ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને તેના આધારે તેઓને બાંગ્લાદેશ પરત મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમ્યાન બાંગ્લાદેશે તેઓ પોતાના દેશના નાગરિકો હોવાનું સ્વીકાર્યુ હતુ.

જેને પગલે પ્રથમ તબકકે આજે ૧૫ને ડીપોર્ટ કરી દેવાયા હતા. બાકીનાને પણ બાંગ્લાદેશ પરત મોકલી દેવાશે. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ બાંગ્લાદેશીઓના ડીપોર્ટેશન પર સોશ્યલ મીડીયામાં ટવીટ કર્યુ હતું કે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા રાષ્ટ્રવિરોધી-ગેરકાયદે પ્રવૃતિઓ કરનારાને ઝડપી લેવામાં આવ્યા છે. અત્યાર સુધી ૫૦ની ધરપકડ થઈ છે તેમાંથી ૧૫ને રવાના કરાયા છે.

ભારતમાં બાંગ્લાદેશી નાગરિકોની ઘુસણખોરીનો મુદ્દો વખતોવખત ચર્ચામાં આવે જ છે. રાજકોટમાંથી પણ તાજેતરમાં બે બાંગ્લાદેશીની ધરપકડ કરવામા આવી હતી અને તપાસ દરમ્યાન તેઓ ગેરકાયદે વસવાટ કરતા હોવાનુ ખુલતા કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

# મહેશ લાંગાની સંડોવણી વાળા રાજકોટનાં કરોડોના ચકચારી જીએસટી કૌભાંડમાં આરોપી વેપારીઓના જામીન મંજૂર કરતી ગુજરાત હાઈકોર્ટ

રાજકોટ, તા. ૧૩ઃ દેશભરમાં ચર્ચાસ્પદ બનેલ જીએસટીના કરોડોના કૌભાંડમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મનષ જોબનપુત્રા, પાર્થ રોજીવાડીયા, ભેરુસિંહ રાજપુત અને અલ્પેશ હિરપરાની ધરપકડ થયા બાદ આરોપી વેપારીઓ દ્વારા જામીન ઉપર મુક્ત થવા માટે કરેલી અરજીની સુનવણી થતાં ઉક્ત વેપારીઓને જામીન ઉપર મુક્ત કરતો હુકમ ગુજરાત હાઇકોર્ટ દ્વારા તાજેતરમાં ફરમાવવામાં આવેલ છે.

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે સેન્ટ્રલ જીએસટી વિભાગ, રાજકોટમાં ફરજ બજાવતા અધિકારી જયપ્રકાશ સિંઘ દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશન, રાજકોટને ફરિયાદ આપવામાં આવેલ કે તા. ૦૧/૦૬/૨૦૨૩ થી તા. ૩૦/૦૯/૨૦૨૩ દરમ્યાન કોઈ વ્યક્તિ દ્વારા પરમાર એન્ટરપ્રાઇઝના નામથી બનાવટી ભાડા કરાર બનાવી ભાડા કરાર ખોટો હોવાનું જાણવા છતાં એ ભાડા કરાર ને ખરા તરીકે સેન્ટ્રલ જીએસટી ઓફિસ, રાજકોટ ખાતે જીએસટી વિભાગમાં ઓનલાઈન રજૂ કરી પરમાર એન્ટરપ્રાઇઝના નામે જીએસટી રજીસ્ટ્રેશન મેળવી બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે અન્ય ૧૪ કંપનીના સંચાલકો સાથે મળી ગુનાહિત કાવતરું રચી બનાવટી બિલિંગ, બનાવટી દસ્તાવેજો અને ખોટી રજૂઆતો દ્વારા બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી ખૂબ જ મોટી રકમનું સરકારને આર્થિક નુકસાન પહોંચાડેલ છે.





ઉપરોક્ત ફરિયાદના આધારે ડી.સી.બી. પોલીસ સ્ટેશન, રાજકોટ દ્વારા આઇપીસીની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૪૨૦ અને ૧૨૦ (બી) હેઠળ તા. ૨૭/૧૧/૨૦૨૪ના રોજ ગુન્હો નોંધી પરમાર એન્ટરપ્રાઇઝ પેઢીના સંચાલકો તેમજ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવનાર વેપારીઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ તેમજ રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા ઉક્ત વેપારી આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ જામીન ઉપર મુક્ત થવા ઉક્ત આરોપી વેપારીઓ દ્વારા પોતાના વકીલ અપૂર્વ એન. મહેતા મારફત ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવેલ. ઉપરોક્ત જામીન અરજી ચાલવા ઉપર આવતા વેપારીના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવેલ કે આરોપી વેપારીઓ સામે આઈ.પી.સી.ની કોઈપણ કલમ હેઠળ ગુન્હો બનતો નથી જે હકીકત ઇન્વેસ્ટિગેટિંગ ઓફિસરના સોગંદનામાંથી સ્પષ્ટ થાય છે. અરજદારો સામે વધુમાં વધુ જીએસટી કાયદાની કલમ ૧૩૨(૧)(સી) હેઠળ ખોટી વેરાશાખ ભોગવવાનો ગુન્હો બને છે, જે વેરાશાખની રકમ પ્રસ્તુત કેસમાં રૂપિયા પાંચ કરોડથી ઓછી હોય તે જીએસટી કાયદા મુજબ જામીનલાયક ગુન્હો છે. વધુમાં સદરહું કામના આરોપી વેપારીઓ જેન્યુઇન બિઝનેસમેન તથા ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર હોય, હાલના ગુન્હામાં તેઓ ખુદ ભોગ બનનાર હોવા છતાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તદ્ઉપરાંત નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત જામીન માટેના ત્રિપલ ટેસ્ટ ટાંકીને તથા તર્કસંગત દલીલો, રજુઆતો કરી અરજદાર વેપારીઓને જામીન ઉપર મુક્ત કરવા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલ. ઉપરોક્ત જામીન અરજીનો સરકાર પક્ષ દ્વારા ગુન્હાની ગંભીરતા જોતાં સખત વિરોધ કરી જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરવામાં આવેલ.

ઉપરોક્ત બંન્ને પક્ષોની દલીલોના અંતે બચાવ પક્ષની દલીલોને માન્ય રાખીને ગુજરાત હાઇકોર્ટ દ્વારા અરજદાર વેપારીઓને શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરતો હુકમ તાજેતરમાં ફરમાવવામાં આવેલ છે. ઉપરોક્ત કેસમાં આરોપી વેપારીઓ વતી ગુજરાત હાઇકોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી અપૂર્વ એન. મહેતા તથા જયદીપ એમ. કુકડીયા રોકાયેલા હતા.

# જેતપુરમાં નગરપાલિકાની ચૂંટણીના પ્રચાર માટે આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાની પદયાત્રા

જેતપુર, તા. ૧૩ઃ જેતપુર નગરપાલિકાની ચૂંટણી નજીક આવતી હોઈ જેને લઈ ઉમેદવારો ચૂંટણી પ્રચારમા વ્યસ્ત છે ત્યારે નગરપાલિકા કબ્જે કરવા માટે પક્ષ દ્વારા નગરપાલિકા ની ચૂંટણી મા રાજકીય નેતા ઓ પ્રચાર અર્થે આવી રહ્યા છે ત્યારે જેતપુર મા આમ આદમી પાર્ટી ના સહ સંયોજક ગોપાલ ઈટાલીયા આજે જેતપુર નગરપાલિકા ની ચૂંટણી મા પ્રચાર અર્થે આવી પહોચિયા હતા અને જેતપુર ના આમ આદમી પાર્ટી ના તમામ ઉમેદવારો હોદેદારો કાર્યકરો સાથે પદયાત્રા યોજી હતી પદયાત્રા જેતપુર ના



તીનબત્તી ચોક કણકિયા પ્લોટ સ્ટેન્ડ ચોક ફૂલવાડી એમજી રોડ સહિત વિસ્તારમા પદયાત્રા યોજી મતદારો સાથે વાતચીત કરેલ આ તકે ગોપાલ ઈટાલીયાએ જણાવેલ કે જેતપુર વરસોથી ભાજપનો ગઢ ગણાય છે ત્યારે છેલા પંદર વરસ થી ભાજપનું શાસન હોવા છતાં જેતપુર મા સરકારી શાળાની શુ હાલત છે સરકારી હોસ્પિટલમા સુવિધાનો અભાવ નવી કોલેજો નથી ત્યારે જેતપુરમા આ વખતે આમ આદમી પાર્ટી ખાતું ખોલાવશે અને નવો અધ્યાય લખાશે.

# રાજકોટ મનપા અને બહુમાળી સહિત સરકારી કચેરીઓ બહાર પોલીસનું સઘન ચેકિંગ, અનેક લોકો દંડાયા

રાજકોટ, તા. ૧૩: ગુજરાતનાં ડીજીપી દ્વારા સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ અને સીટ બેલ્ટનો ફરજિયાત અમલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગઈકાલે વિવિધ સરકારી કચેરીઓ બહાર પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે આજે સતત બીજા દિવસે શહેરની કોર્પોરેશન અને બહુમાળી સહિતની સરકારી કચેરીઓ બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખાસ હેલ્મેટનાં નિયમનો ભંગ કરવા બદલ અનેક સરકારી કર્મચારીઓ અને મુલાકાતીઓ દંડાયા હતા.



**કર્મચારીઓને સ્થળ પર રૂ. ૫૦૦ દંડ ફટકારવામાં આવ્યો**

પ્રાપ્ત વિગત મુજબ શહેરની કોર્પોરેશન અને બહુમાળી કચેરી તેમજ કલેક્ટર ઓફિસ સહિતના સ્થળે સવારથી ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક પોલીસની ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હેલ્મેટ પહેર્યા વિના જ આવેલા અનેક સરકારી કર્મચારીઓને સ્થળ પર રૂ. ૫૦૦ દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસની આ કામગીરી દરમિયાન કેટલાક કર્મચારીઓ પોતાના વાહન બહાર જ પાર્ક કરવા લાગ્યા હતા. જ્યારે મનપા કચેરીમાં આધાર કાર્ડ સહિતની કામગીરી માટે આવનારાઓએ દંડ ભરવો પડતાં કચવાટ જોવા મળ્યો હતો.

**સતત બીજા દિવસે પોલીસની ડ્રાઈવ**

મનપા કચેરી ખાતે તૈનાત PSI ડી.ટી. સુમેરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારનાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારી કચેરીઓમાં હેલ્મેટ ફરજિયાત કરવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત ડીજીપી દ્વારા પણ ચેકિંગ માટે હુકમ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત કોઈપણ સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અને દ્વિચક્રી વાહનોનો ઉપયોગ કરતા કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત કરવામાં આવ્યું છે. જેને લઈને આજે સતત બીજા દિવસે વિવિધ સરકારી કચેરીઓ બહાર ટ્રાફિક પોલીસની જુદી-જુદી ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે અને હેલ્મેટ પહેર્યા વિના આવનારા તમામ કર્મચારીઓ પાસેથી દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. સવારની ૨ કલાકમાં મનપા કચેરી ખાતેથી ૨૫ જેટલા લોકો પાસેથી દંડ વસૂલવામાં આવી ચુક્યો છે અને આ કામગીરી આવનારા સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે.

**હેલ્મેટ પહેર્યા વિના આવનાર લોકોને દંડ ફટકારાયો**

ઉલ્લેખનીય છે કે, રાજકોટ પોલીસ કમિશ્નર કચેરીએ તેમજ પોલીસ હેડક્વાર્ટરમાં ઘણા સમયથી પોલીસનાં કર્મચારીઓ સહિત મુલાકાતીઓ માટે પણ ફરજિયાત હેલ્મેટનાં કાયદાનો અમલ કરવામાં આવી રહ્યો છે. અને પોલીસ કમિશ્નર કચેરીમાં હેલ્મેટ પહેર્યા વિના આવતા તમામ લોકોને ઈ-મેમો દ્વારા દંડ ફટકારવામાં આવી રહ્યો છે. ત્યારે આગામી સમયમાં અન્ય તમામ સરકારી કચેરીઓમાં પણ સીસીટીવી કેમેરાનાં માધ્યમથી દંડનો પ્રારંભ કરવામાં આવે તેવું લાગી રહ્યું છે.

# રાજકોટનાં ૩૯ રેસ્ટોરન્ટમાં ૨૫ નમુનાની ચકાસણી, ૧૭ કિલો અખાદ્ય જથ્થાનો નાશ, ૧૬ વેપારીને નોટિસ

રાજકોટ, તા. ૧૩: રાજકોટ મનપાની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા આજે ચેકિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. દરમિયાન સાધુ વાસવાણી રોડના સ્વામી'સ રેસ્ટોરેન્ટમાંથી વાસી દહીં, નુડલ્સ સહિત ૧૨ કિલો માલનો નાશ કરવામાં આવ્યો છે. જ્યારે યુનિ. રોડના ફાસ્ટ ફૂડ પાર્લરમાંથી પણ પાંચ કિલો અખાદ્ય માલ મળતા તે ફેંકી દેવામાં આવ્યો હતો. આ ડ્રાઈવ દરમિયાન યુનિવર્સિટી રોડ નજીક આવેલા ૩૯ રેસ્ટોરન્ટમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. તેમજ ૧૬ વેપારીને લાયસન્સ સહિતની બાબતે નોટિસો આપવામાં આવી હતી.



પ્રાપ્ત વિગત મુજબ, મનપા ફૂડ વિભાગના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ૪-નિલકમલ પાર્ક, સનસીટીની સામે, સાધુવાસવાણી રોડ પર આવેલ 'સ્વામી'સ રેસ્ટોરેન્ટ એન્ડ કેટરર્સ'માં તપાસ કરવામાં આવી હતી. જેમાં સંગ્રહ કરવામાં આવેલ ૮ કિલો દહીં, ૪ કિલો નુડલ્સ, ચટણી વગેરે પ્રિપેર્ડ ફૂડ મળીને કુલ ૧૨ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ કરવા બાબતે નોટિસ આપી સ્થળ પરથી ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ મૈસૂર ઢોસાનો મસાલાનો નમૂનો લેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત મહાજનવાડી બિલ્ડીંગ, યુનિવર્સિટી રોડ પર આવેલ અંશ દોશી ફાસ્ટફૂડ પેઢીમાં તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી બ્રેડ તેમજ એક્સપાયરી થયેલ સોસ વગેરે મળીને કુલ ૫ કિલો વાસી અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવ્યો છે. અને પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય રીતે સ્ટોરેજ કરવા નોટિસ પણ અપાઈ હતી. ફૂડ વિભાગના રાઉન્ડમાં દરમિયાન રૈયા ચોકમાં વેસ્ટ ગેટ, પ્રથમ માળે આવેલ બાલાજી થાળ પેઢીની તપાસ કરી હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવી હતી.

# વેરા વિભાગનો સપાટો ઈસ્ટ ઝોનમાં ૨૨ મિલકત સીલ, ૬૧ લાખની વસૂલાત

- **મનપાના વેરાવિભાગ દ્વારા ઈસ્ટઝોન સહિતના વિસ્તારોમાં રિકવરી ઝુંબેશ અંતર્ગત વધુ ૨૨ મિલ્કત સીલ કરી રહેણાકનું એક નળ જોડાણ કાપી ત્રણ આસામીઓને જપ્તીની નોટીસ ફટકારી સ્થળ**

રાજકોટ, તા. ૧૩ઃ મનપાના વેરાવિભાગ દ્વારા ઈસ્ટઝોન સહિતના વિસ્તારોમાં રિકવરીઝુંબેશ અંતર્ગત વધુ ૨૨ મિલ્કત સીલ કરી રહેણાકનું એક નળ જોડાણ કાપી ત્રણ આસામીઓને જપ્તીની નોટીસ ફટકારી સ્થળ ઉપર રૂપિયા ૬૧.૨૬ લાખની વસુલાત કરી હતી.

ગાંધીગ્રામ અક્ષરનગર માં આવેલ ક્રિષ્ના વિદ્યાલયના ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨.૨૪ લાખ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૨,૦૬૪, જામનગર રોડ પર આવેલ



'સરદાર કોમ્પ્લેક્ષ' ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૦૧ ને સીલ મારેલ, રૈયા રોડ પર આવેલ 'ધ સિટી સેન્ટર'સિક્સ ફ્લોર શોપ નં-૬૪૭ ને સીલ મારેલ, જામનગર રોડ પર આવેલ 'ભગવતી શોપીગ સેન્ટર એન્ડ શ્રી શિવ શક્તિ'ને સીલ મારેલ, પુનિતનગરમાં ૧-યુનિટને સીલ મારેલ, સુભાષનગરમા ૧-યુનિટને સીલ મારેલ, સંત કબીર રોડ પર આવેલ 'યુ.એસ.બીઝનેશ હાઉસ' ને સીલ મારેલ હતું. વેરાવિભાગ દ્વારા આજે પેડ્ક રોડ પર આવેલ 'જી.બી.ડાયમંડ સ્કવેર'સેકન્ડ ફ્લોર શોપ નં-૨૦૮ ના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૨,૫૦૦નો ચેક આપેલ, રણછોડ નગરમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૭,૯૦૦, સંત કબીર રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૫,૦૦૦નો ચેક આપેલ, કુવાડવા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૧,૧૭૪, આર્યા નગરમાં રતનદીપ સોસાયટીમાં ૧-નળ કનેક્શન કપાત સામે રીકવરી રૂ.૪૮,૦૦૦ નો ચેક આપેલ, પેડક રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૨૬,૦૦૦નો ચેક આપેલ હતો. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઇસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# ભૂતકાળમાં અનેક પદાધિકારીએ ફરીને ભાડુ ભર્યાનો રેકોર્ડ : નયનાબેનને ખાસ ટાર્ગેટ બનાવાયા?

રાજકોટ તા. ૧૨

રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાએ મનપાની સરકારી કારમાં પ્રયાગરાજ કુંભનો પ્રવાસ કરતા ઉઠેલા વિવાદ વચ્ચે આજે આમ આદમી પાર્ટીએ વિરોધ કર્યો હતો. ગરીબ લોકોને પ્રતિ રૂા. બે કિ.મી. લેખે ડ્રાઇવર આપવા કમિશ્નર પાસે માંગણી કરી હતી અને માફી માંગવાનું કહીને ડે.કમિશનરને આવેદનપત્ર પણ પાઠવ્યું હતું.

પ્રયાગરાજમાં કુંભમેળામાં મેયર નયનાબેન પેઢડિયા અને મહિલા આગેવાનોએ કોર્પો.ની ગાડીમાં પ્રવાસ કરતા એકાએક બે દિવસ પહેલા આ મુદ્દો વાયરલ બન્યો હતો. બાદમાં હવે તેમાં રાજકારણ પણ પ્રવેશી ચુક્યું છે. ગઇકાલે કોંગ્રેસે આ પ્રવાસ બદલ રૂા. ૨૦ પ્રતિ કિ.મી. લેખે વસુલાત કરવા માંગણી કરી હતી. તે બાદ આજે આપના આગેવાનોએ



વિરોધ પ્રદર્શન કરતા ગેટ પર વિજીલન્સ સ્ટાફ સાથે રકઝક થઇ હતી. ગેટ અને જાળી બંધ કરી દેવામાં આવ્યા હતા. આગેવાનોએ વાહન પર કપડા સુકવીને પણ વિરોધ કર્યો હતો.

અધિકારીઓએ પહેલા એવું જણાવ્યું હતું કે ગુજરાત બહાર સરકારી ગાડી જાય ત્યારે પ્રતિ કિલોમીટર રૂપિયા બે વસુલવામાં આવે છે. નવા ઠરાવના અમલ અંગે અજાણતા દર્શાવી હતી. આજે આમ આદમીપાર્ટી દ્વારા ફક્ત બે રૂપિયામાં પ્રયાગરાજ સુધી સફર કરવા મળતી હોય તો આનો લાભ પ્રજાને પણ આપો તેવા નારા સાથે કોર્પોરેશન કચેરીમાં વિરોધ પ્રદર્શન કરી ગાડી પર પ્રતિકરૂપે કપડા સુકવ્યા હતા. આ બાદ બન્ને ગેટને તાળાબંધી કરી આસિસ્ટન્ટ કમિશનરને આવેદન પાઠવ્યું હતું.

સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરે આ વિવાદ વચ્ચે જણાવ્યું હતું કે ગુજરાતમાં કોઈપણ સ્થળે પદાધિકારીઓને તેમને ફાળવેલી કાર લઈ જવાની છુટ છે. પરંતુ ગુજરાત બહાર જવું હોય ત્યારે કમિશનરની મંજુરી લઈ ગુજરાતની બહારના તમામ કિલોમીટરના રૂપિયા બે પ્રતિ કિલોમીટર લેખે ચુકવવાના હોય છે અને આ દસ વર્ષ પહેલા નક્કી કરેલા ભાવ છે. તેથી હવે કોમર્શીયલ દર મુજબના ભાવ નક્કી કરવામાં આવશે.

આ આ મુદ્દે રાજકારણ ચાલુ થઇ ગયું છે. જોકે ભુતકાળમાં અનેક પૂર્વ મેયર સહિતના પદાધિકારીઓ પણ આ રીતે સરકારી ગાડી લઇને, ભાડુ ચૂકવીને દુર દુર સુધી ગયા છે. ફાયર બ્રિગેડમાં તમામ રેકોર્ડ ઉપલબ્ધ છે. નયનાબેને કોઇ નવી પરંપરા શરૂ કરી નથી. પરંતુ આજ સુધી આપવામાં આવેલી સુવિધાના નિયમ હેઠળ જ વાહનનો ઉપયોગ કર્યો છે. છતાં તેમણે તંત્ર કહે તે મુજબ ભાડુ ચૂકવી દેવા તૈયારી દર્શાવી છે.

મનપા કચેરીમાં આજે આપના કાર્યકરોએ મેયરના સરકારી ગાડીમાં પ્રવાસ સામે વિરોધ નોંધાવીને સુત્રોચ્ચાર કર્યો હતો. આ સમયે સુરક્ષા સ્ટાફ સાથે રકઝક થઇ હતી અને બાદમાં ડે.કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# ભારતમાં મજૂરો કામ કરવા તૈયાર નથી

## અઠવાડિયામાં ૯૦ કલાક કામ બાદ L&T ચેરમેનનું નવું નિવેદન, સરકારી યોજનાઓ લોકોને 'કામચોર' બનાવી રહી છે





લાર્સન એન્ડ ટુબ્રો ()ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ.એન. સુબ્રમણ્યમ ફરીથી હેડલાઇન્સમાં આવ્યા છે. આ વખતે તેમણે સરકારી યોજનાઓનો ઉલ્લેખ કરતાં કંઈક એવું કહ્યું છે જે મામલે ચર્ચાઓ વેગવંતી બની છે. મંગળવારે ચેન્નઈમાં, તેમણે કહ્યું કે બાંધકામના મજૂરો કલ્યાણકારી યોજનાઓ અને સુખ-સુવિધાઓ મળવાને કારણે કામ કરવાથી દૂર રહે છે. CII સાઉથ ગ્લોબલ લિન્કેજ સમિટમાં તેમણે બાંધકામ ઉદ્યોગમાં મજુરોની અછત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે દુનિયામાં મોટી સંખ્યામાં લોકો કામની શોધમાં પલાયન કરી રહ્યા છે. પરંતુ, ભારતમાં લોકો કામ માટે બીજે ક્યાંય જવા તૈયાર નથી. દેશના વિકાસ માટે રસ્તાઓ અને પાવર પ્લાન્ટ જેવી માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું મહત્વપૂર્ણ છે. જો કે મજુરોની અછતને કારણે આ મુશ્કેલ બની રહ્યું છે.

એલ એન્ડ ટીના સીએમડીના જણાવ્યા અનુસાર, લોકો કામ પર ન આવવાના ઘણા કારણો છે. જન ધન ખાતું, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ગરીબ કલ્યાણ યોજના, મનરેગા જેવી યોજનાઓ કારણ કે લોકો ગ્રામ્ય વિસ્તારોમાં આરામથી રહેવાનું પસંદ કરી રહ્યા છે. સુબ્રમણ્યમે કહ્યું, 'લોકો વિવિધ કારણોસર કામ કરવા તૈયાર નથી, કારણ કે બેંક ખાતા (જન ધન), ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ગરીબ કલ્યાણ યોજના, મનરેગા જેવી યોજનાઓ છે. તેઓ ગ્રામીણ સ્થળોથી બીજે જવા માંગતા નથી, આરામ કરવાનું પસંદ કરે છે.

L&T ચીફ સુબ્રમણ્યમે કહ્યું કે કલ્યાણકારી યોજનાઓના કારણે અનેક મજુરો કામ કરવા માટે કે નોકરી માટે પલાયન કરવા માટે તૈયાર નથી. સુબ્રમણ્યમે કહ્યું- એલ એન્ડ ટી પાસે કર્મચારીઓને મેળવવા, ભરતી કરવા અને તેમની તહેનાતી માટે સમર્પિત એચઆર ટીમ છે. પરંતું તે છતા બાંધકામ ક્ષેત્રે શ્રમિકોને કામ પર રાખવામાં પડકારો વધી રહ્યા છે.

સુબ્રમણ્યમે એ પણ કહ્યું કે પલાયન કરવાની ઈચ્છા ન હોવી એ હવે માત્ર બ્લુ કોલર વર્કર્સ સુધી જ મર્યાદીત રહ્યું નથી. હવે વ્હાઈટ કોલર્સ પ્રોફેસનલ્સમાં પણ આવી જ માનસિકતા જોઈ છે. સુબ્રમણ્યમે કહ્યું- જ્યારે હું ગ્રેજ્યુએટ ઈજનેર તરીકે એલ એન્ડ ટીમાં જોડાયો હતો, તો મારા બોસે કહ્યું કે જો તમે ચેન્નાઈથી છો તો દિલ્હી જઈને કામ કરો. પરંતુ આજે હું ચેન્નાઈના કોઈ વ્યક્તિને દિલ્હીથી કામ કરવા કહું છું તો તો તે માણસ ના પાડે છે. આજે કામની દુનિયા અલગ છે અને આપણે એ જોવું પડશે કે એચએરની પોલિસીઓને કેવી રીતે સાનુકુળ બનાવી શકાય.

આ આગાઉ ચીફના એક નિવેદને સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવી દીધો હતો. તેમના આ નિવેદન પર ઘણો વિવાદ થયો હતો. ખરેખરમાં, તેમણે કર્મચારીઓને અઠવાડિયામાં ૯૦ કલાક અને રવિવારે પણ કામ કરવાનું કહેવામાં આવ્યું હતું. એટલું જ નહીં, સુબ્રમણ્યમે એમ પણ કહ્યું હતું કે રજાના દિવસે ઘરે બેસીને શું કરશો? તમે તમારી પત્નીને કેટલી વાર સુધી જોતા રહેશો? આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર તેની ખૂબ ટીકા થઈ હતી.

હવે સુબ્રમણ્યમના હાલના નિવેદન પર પણ લોકોની આકરી પ્રતિક્રિયા સામે આવી છે.

# UPSC ની તા. ૧૨ મેના લેવાશે પરીક્ષા ચેરમેન કાલે રાજકોટમાં

## ચેરમેન પ્રિતી સુદાન રાજકોટ આવી પહોંચ્યા બાદ સર્કિટ હાઉસમાં રાત્રી રોકાણ કરશે

રાજકોટ, તા. ૧૨

યુનિયન પબ્લીક સર્વિસ કમીશન (યુપીએસસી)ની પરીક્ષા આગામી તા. ૧૨ મેના રોજ લેવામાં આવનાર છે. રાજકોટ સેન્ટર પર સતત ૧૨માં વર્ષે આ મહત્વની પરીક્ષા લેવામાં આવનાર છે. દરમ્યાન યુપીએસસીના ચેરમેન પ્રીતિ સુદાન આવતીકાલે દિલ્હીથી સાંજની ફલાઇટમાં રાજકોટ આવી પહોંચનાર હોવાનું જાણવા મળ્યું છે.

યુપીએસસીના ચેરમેન પ્રીતિ સુદાન આવતીકાલે સાંજે હવાઇ માર્ગે રાજકોટ પહોંચ્યા બાદ રાત્રી રોકાણ સર્કિટ હાઉસમાં કરનાર છે. ત્યારબાદ બીજા દિવસે રાજકોટથી દ્વારકા દર્શનાર્થે જનાર હોવાની વિગતો મળી રહી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ સેન્ટર પર યુપીએસસીની પરીક્ષા સમયે કલેકટર કચેરી ખાતે ખાસ કંટ્રોલ રૂમ ધમધમતો કરવામાં આવે છે.

સીવીલ સર્વિસની આ પરીક્ષાના પેપરો પણ ખાસ સ્ટ્રોંગ રૂમમાં પોલીસ બંદોબસ્ત હેઠળ રાખવામાં આવે છે. આ પરીક્ષા શાંતિપૂર્વક વાતાવરણમાં અને સુચારૂ રૂપથી લેવાય તે માટે કલેકટરના માર્ગદર્શન હેઠળ વિશેષ રૂપથી વ્યવસ્થા



ગોઠવવામાં આવી છે. આ પરીક્ષા માટે કલેકટર તંત્રના અધિકારીને પણ દિલ્હી તાલીમ અર્થે બોલાવવામાં આવે છે. રાજકોટ સેન્ટર પર ચાલુ વર્ષે સતત ૧૨મી વખત આ પરીક્ષા લેવામાં આવનાર હોય, અત્યારથી જ વહીવટી તંત્ર દ્વારા પ્રાથમિક તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવે છે. આ દરમ્યાન યુપીએસસીના ચેરમેન પ્રીતિ સુદાન પણ આવતીકાલે રાજકોટ આવી પહોંચનાર હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# ખેલ મહાકુંભમાં બાસ્કેટબોલ ભાઈઓની સ્પર્ધા યોજાઈ



રાજકોટઃગુજરાત રાજ્ય રમતગમત ક્ષેત્રે આગવું સ્થાન બનાવે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

જે અન્વયે ગુજરાત સરકારના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ સંચાલિત રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા આયોજીત સૌરાષ્ટ્ર ઝોન ખેલ મહાકુંભ ૩.0માં બાસ્કેટબોલ ભાઈઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા આર.એમ.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. જેમાં કુલ ૧૦ જેટલી ટીમોએ ભાગ લઈ પોતાની રમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

### દવાઓ અને સેવિંગ બ્લેડના જથ્થાની આડમાં ટ્રકમાં દારૂ છુપાવ્યો હતો

# SMC ત્રાટકી: ૧૩૦૦૦ બોટલ સહિત ૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત

### ધવલ દારૂ ભરેલા ટ્રકનું કારમાં બેસી પાયલોટીંગ કરતો હતો, ગઈકાલે ભાયાવદર ખાતેના એક રહેણાંક મકાનમાંથી એલસીબીએ પણ તેનો દારૂનો જથ્થો પકડ્યો હતો

રાજકોટ, તા.૧૨

ફરી એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલે રાજકોટ ગ્રામ્ય પોલીસની હદમાં કાર્યવાહી કરી, જસદણ પાસેથી રાજકોટ શહેરના બુટલેગર ધવલ સાવલીયાનો ૧૩૦૦૦ બોટલ દારૂ પકડી લીધો હતો. દારૂનો જથ્થો, ટ્રક મળી ૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. બે આરોપીને પકડી લેવાયા હતા જ્યારે રાજકોટના ધવલ સાવલીયા, તેના ભાઈ જયેશ સાવલીયા અને હાર્દિક જોગરાજીયાની શોધખોળ હાથ ધરી છે.

એસએમસીએ ટ્રક ચાલક (૧) પવનકુમાર દુર્ગાનંદ શર્મા, (રહે. થલતું ગામ, જિ. મંડી, હિમાચલપ્રદેશ) અને (૨) બકુલ દિનેશભાઇ નંદેશાલિયા (રહે. વઢવાણ, સુરેન્દ્રનગર)ની દારૂ ભરેલા ટ્રક સાથે ધરપકડ કરી હતી, જ્યારે દારૂ મંગાવનાર અને ટ્રકનું પાયલોટીંગ કરનાર (૧) ધવલ સાવલિયા (રહે.રાજકોટ), તેનો ભાઈ (૨) જયેશ સાવલીયા (રહે. રાજકોટ), (૩) હાર્દિક જોગરાજીયા (રહે.રાજકોટ) અને ચંદીગઢથી દારૂનો જથ્થો ભરી આપનાર શખ્સની શોધખોળ હાથ ધરાઈ છે.

પોલીસ સૂત્રોએ આપેલી વિગત અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલની કડક કાર્યવાહીથી ગુજરાત ભરમાં ગુનેગારો થરથર ધ્રુજે છે. ત્યારે ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઇજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે. ટી. કામરીયાના માર્ગદર્શન હેઠળ એસએમસીના પોલીસ અધિકારીઓ - કર્મચારીઓ સતત કાર્યવાહીમાં એક્ટિવ છે.




આજે સવારે એસએમસી પીઆઇ એસ. વી. ગળચર અને તેમની ટીમને બાતમી મળી હતી કે, ચંદીગઢથી દારૂનો જથ્થો ભરી આઇસર ટ્રક રાજકોટ તરફ આવી રહ્યું છે. તે જસદણ પંથકમાંથી પસાર થનાર છે. જેથી એસએમસીની ટીમે જસદણ ખાતે જુના બસ સ્ટેશન થી બાયપાસ રોડ પર ગેબીશા સોસાયટી પાસે વોચ ગોઠવી હતી. ટ્રક નીકળતા જ તેને અટકાવી ચેક કરતા દારૂની રૂ. ૨૭,૮૪,૪૬૬ની કિંમતની ૧૩,૦૮૧ બોટલ મળી હતી.

ઉપરાંત દારૂ છુપાવવા ટ્રકમાં આગળના ભાગે બોક્સ મુક્યા હતા આ બોક્સમાં દવાનો જથ્થો અને સેવિંગ કરવાની બ્લેડનો માલ ભર્યો હતો. જે ૫૭૩ બોક્સની કિંમત ૧૫,૩૮,૦૦૦ ગણી ટ્રક સાથે દારૂનો જથ્થો કબ્જે કરી જસદણ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.પકડાયેલ બંને આરોપી પાસેથી બે મોબાઈલ ફોન કબ્જે કરાયા છે. તેની કોલ ડિટેઈલ્સ આધારે અન્ય આરોપીના નામ ખુલી શકે છે.

જોકે પકડાયેલ બંને લોકોની પુછપરછમાં ખુલ્યું હતું કે, ધવલ કારમાં ટ્રકનું પેટ્રોલિંગ કરતો હતો. એસએમસીની વોચ જોઈ ભાગી ગયો હતો. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રાત્રે જ રાજકોટ રૂરલ એલસીબીની ટીમે ભાયાવદર પોલીસ મથકના તાબા હેઠળ આવતા જુના કેરાળા ગામેથી રહેણાંક મકાનમાંથી ધવલ સહિતના આરોપીઓએ રાખેલ દારૂની નાની મોટી ૩૭૦૦ બોટલ ઝડપી હતી. હાલ પોલીસે આ ધવલને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

## 'પીધેલાં પકડાય છે તેમાં ૧૫માંથી ૧૦ યુવાન પટેલ હોય છે', પાટીદાર મહિલા PSIનો ચોંકાવનારો દાવો

ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂના વેચાણ થતું હોવાની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે. રાજ્યમાં જાણે નામની જ દારૂબંધી હોય તેવું લાગી રહ્યું છે, ત્યારે સુરતના સરથાણાના મહિલા ડ્જ્ઈનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, 'દારૂ પીધેલા ઝડપાતા ૧૫ યુવાનોમાંથી ૧૦ પાટીદાર યુવાનો હોય છે. જ્યારે સાયબર ફ્રોડના કેસમાં ૫૦ ટકા પટેલ સમાજ હોય છે...' રાજ્યમાં રોજના અનેક દારૂની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે સુરતના સરથાણા પોલીસ સ્ટેશનના ડ્જ્ઈએ એક કાર્યક્રમમાં દારૂને લઈને વાત કરી હતી. જેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં મહિલા ડ્જ્ઈએ કહ્યું કે, ' હું તમને સરધાણા પોલીસ સ્ટેશનની



વાત કરું. સાંજે અમારું કામ છે કે, સૌથી વધુ નશાની હાલતમાં હોય તેમના કેસ નોંધવા. અમે અમારા ટાર્ગેટ પ્રમાણે જઈએ છીએ. જેમાં દારૂ પીધેલા ઝડપાતા ૧૫ યુવાનોમાંથી ૧૦ પાટેલ સમાજના યુવાનો હોય છે. આ વિચારવાની વાત છે. જ્યારે પીધેલા પકડાયા બાદ છોડવાની ભલામણ કરતા હોય છે. આમ કોઈપણની ભલામણ આવે પરંતુ મારા પટેલ સમાજને તમારે છોડવાના નથી, એક રાત તે લોક-અપમાં રહેશે એટલે ખ્યાલ આવશે કે આ વસ્તુ ન કરાય.'

સાયબર ફ્રોડના કેસની વાત કરતાં મહિલા ડ્જ્ઈએ કહ્યું કે, 'સાયબર ફ્રોડના કેસમાં ૫૦ ટકા પટેલ સમાજ હોય છે. શું કામ ખોટા રસ્તે જાવ છો. પટેલ સમાજે આટલી નામના મેળવી છે, તો શું કામ પતન તરફ જવાનું? આજુબાજુના વ્યક્તિ પણ કહેતા હોય છે કે તમારો સમાજ છે, ત્યારે કેટલી શરમ આવે...'

જ્યારે મહિલા ડ્જ્ઈના નિવેદન મામલે દિનેશ બાંભણીયાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'હું મહિલા ડ્જ્ઈના વાતને સમર્થન આપું છું અને સમાજે આ બાબતે ગંભીરતાથી વિચારવાની સાથે મંથન કરીને ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પોલીસની કાર્યવાહી કડક થવાથી કોઈ ભલામણ ન કરવી.'

## પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટની શુભેચ્છા મુલાકાત લેતા સી.આઇ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ અમનદીપ શિરસ્વા

રાજકોટઃ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીઅલ સિક્યુરીટી ફોર્સના જવાનો દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક સાહસો, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પરમાણું અને અંતરીક્ષ અનુસંધાન કેન્દ્રો, સરકારી ભવનો તથા અન્ય સંવેદનશીલ સંસ્થાઓની સુરક્ષા અર્થે ૨૪ૠ૭ ખડેપગે રહે છે. આ ફોર્સના હેડ એવા ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી અમનદીપ શિરસ્વાએ પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે તેમને પુષ્પગુચ્છ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી અમનદીપ શિરસ્વાએ આગામી તા. ૭ માર્ચના રોજ રાજકોટ ખાતે સી.આઈ.એસ.એફ.ને સફળતાપૂર્વક ૨૫ વર્ષ પૂર્ણ થવા અંગે ચર્ચા કરી જણાવ્યું હતું કે, આ દિવસની ઉજવણીના ભાગરૂપે આગામી તા. ૨ માર્ચથી મેરેથોન, સાયકલોથોન, નિષ્ણાતોના



સેમિનાર સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. સાથેસાથે રીઝર્વ ઈન્સપેક્ટરશ્રી મહેશસિંઘ કુંવરે ઈ.ઈ.જ.ઋની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત વાતચીત કરી હતી. તેમજ સંયુક્ત માહિતી નિયામકશ્રી મિતેષભાઇ મોડાસીયાએ માહિતી ખાતાની પ્રચાર-પ્રસાર, પ્રકાશન, ફિલ્મ-પ્રોડક્શન જેવી કામગીરી વિષયક જાણકારી આપી હતી. આ અવસરે સહાયક માહિતી નિયામક સર્વશ્રી સોનલબેન જોશીપુરા, શ્રી રાધિકાબેન વ્યાસ, શ્રી પ્રિયંકાબેન પરમાર અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# તા.૧૪ના જીસીસીઆઈના સહયોગથી શ્રીજી ગૌશાળા ખાતે વેલેન્ટાઈન ડેની ઉજવણી કાઉ હગીંગ ડે તરીકે કરાશે

## વિદેશમાં લોકો રૂપીયા ખર્ચીને કાઉ હગ કરી પોઝીટીવ એનર્જી મેળવે છેઃ દેશી ગાયમાં સુર્યકેતુ નાડી હોવાથી તે સૂર્ય કિરણોમાંથી ઔષધીય ગુણ આપે છે

રાજકોટઃ પશ્ચિમી સંસ્કૃતિનાં ''વેલેન્ટાઇન ડે''નાં આંધળા અનુકરણને બદલે ભારત દેશમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી એક નવી પહેલ શરુ કરવામાં આવી છે જે અંતર્ગત શ્રીજી ગૌશાળા દ્વારા ૧૪ ફેબ્રુઆરી, શુક્રવારનાં રોજ શ્રીજી ગૌશાળા દ્વારા ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઇન્સ્ટીટ્યુશન્સ(જી.સી.સી. આઇ)નાં સહકારથી શ્રીજી ગૌશાળા ખાતે કાઉ હગીંગ ડે તરીકે ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. જેમાં ગૌમાતાનું મહત્વ સમજાવવામાં આવશે. ''કાઉ હગીંગ ડે''ના અનોખા કન્સેપ્ટ સાથે શ્રીજી ગૌશાળા દ્વારા પશ્ચિમી સંસ્કૃતિના આંધળા વહેણમાં ફસાતી આપણી ભાવિ પેઢીનાં યુવાઓને ગૌ-સંસ્કૃતિ તરફ વાળવા અને ગાયના ઔષધિય લાભો તરફ પ્રેરીત કરવાના ઉમદા આશય સાથે આ નવા કન્સેપ્ટ સાથેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજને ગાય સાથે જોડવાના આ અભિયાનમાં લોકોને જોડાવવા અપીલ કરાઈ છે. આ કાર્યક્રમમાં આખો દિવસ ગીર ગૌમાતાને ભેટીને પ્રેમભરી સાત્વીક ઉર્જા મેળવવા માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. વિદેશમાં ખાસ કરીને યુરોપ અને અમેરીકામાં લોકો ગાયમાંથી પોઝીટીવ એનર્જી હજારો રૂપીયા ખર્ચીને મેળવે છે. આપણી પાસે આર્ય સંસ્કૃતિની ધરોહર ગીર ગાય જે કોરોનાના સંકટકાળમાં પણ સંકટ મોચક ઔષધ સાબીત થઇ છે તે ખૂબ સહજતાથી અને ગામોગામ ઉપલબ્ધ હોય ત્યારે ગૌમાતાનું ધાર્મિકની સાથે સાથે વૈજ્ઞાનીક,



રાજકોટ-જામનગર હાઈવે, નવા ક્રિકેટ સ્ટેડીયમ સામે, ન્યારા-રાજકોટ.

આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, તબીબી, આરોગ્ય મુલ્ય પણ આપણે સૌ એ સમજવું જોઈએ. દેશી ગાયમાં સુર્યકેતુ નાડી હોવાથી તે સૂર્ય કિરણોમાંથી ઔષધીય ગુણ આપે છે.

ગાયને ગળે મળવાથી ઘણા લાભ થાય છે જે આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. ગાયને ગળે લગાડવાથી તણાવ ઓછો થાય છે, બ્લડ પ્રેશર ઓછું થાય છે અને ઓક્સીટોસિન મુક્ત થાય છે. ગાયને ભેટવાની પ્રક્રિયા વ્યક્તિઓને ચિંતા દૂર કરવામાં મદદ કરે છે અને આંતરિક શાંતિની ભાવનાને પ્રોત્સાહન આપે છે. ગૌ આધારિત જૈવિક ખેતી, પંચગવ્ય આધારિત ઉત્પાદનો અને જમીનની ફળદ્રુપતામાં ગૌમાતાનાં યોગદાન દ્વારા તે પર્યાવરણીય સંતુલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

છેલ્લા ત્રણ વર્ષોથી શ્રીજી ગૌશાળા દ્વારા આ અભિનવ પ્રયોગ કરવામાં આવે છે, જેને દર વર્ષે અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થાય છે અને હજારો લોકો ગૌમાતાનાં દર્શન અને તેમને ભેટીને આશીર્વાદ લેવા પધારે છે. આ વર્ષે પણ આ પ્રકારના દિવ્ય કાર્યક્રમનું આયોજન શ્રીજી ગૌશાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. ગૌમાતાને ભેટવા માટે આખો દિવસ શ્રીજી ગૌશાળાનાં દ્વારા સર્વે ગૌપ્રેમીઓ માટે ખુલ્લા રહેશે. આ અંગે કોઈ મજૂરી લેવાની જરૂરિયાત નથી. જેથી યુવા પેઢીને ગૌ માતાનું મહત્વ સમજાય અને આપણી ગૌ સંસ્કૃતિ જળવાઈ રહે તેમજ સૌ ગૌમાતાના આશીર્વાદથી પોતપોતાના ક્ષેત્રમાં તન, મન, ધનથી આગળ વધી શકે. ગૌ સંસ્કૃતિને જીવંત કરવાના આ દિવ્ય કાર્યમાં સૌને જોડાવવા શ્રીજી ગૌશાળા વતી પ્રભુદાસભાઈ તન્ના, જયંતીભાઈ નગદીયા, ભૂપતભાઈ દુલારી, રમેશભાઈ ઠક્કર તેમજ ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઇન્સ્ટીટ્યુશન્સ(જી.સી.સી. આઇ)નાં અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયા, મિત્તલ ખેતાણી સહીતનાઓએ અપીલ કરી છે. વધુ માહિતી માટે (મો. ૯૩૭૭૭ ૩૩૦૩૩), (મો. ૯૪૨૭૪ ૨૯૦૦૧) , (મો. ૯૮૨૫૪ ૧૮૯૦૦), (મો. ૯૯૦૯૯ ૭૧૧૧૬) નો સંપર્ક કરવા શ્રીજી ગૌશાળાની યાદીમાં જણાવાયું છે.

# ચાલુ ફરજે અવસાનનાં કિસ્સામાં હવે ST કર્મચારીઓને ૧૪ લાખ વળતર મળશે

## રાજ્ય સરકારે કરેલા મહત્વપૂર્ણ નિર્ણયને આવકારતા કર્મચારી યુનિયનો



રાજકોટ,તા.૧૨

રાજ્ય સરકારે ગુજરાત એસ.ટી.નિગમનાં કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે અને હવે રાજ્ય સરકારનાં અન્ય કર્મચારીઓની જેમજ એસ.ટી.નાં ૩૯-હજાર જેટલા કર્મચારીઓને ચાલુ ફરજે અવસાનનાં કિસ્સામાં રૂ.૧૪ લાખ આપવાનો નિર્ણય કરાયો છે. GSRTCના કર્મચારીઓ માટે રાજ્ય સરકારનો મોટો નિર્ણય કર્યો છે. એસ.ટી. નિગમના કર્મચારીઓના પરિવારજનો માટે આ નિર્ણય લેવામાં આવેલ છે. નિગમના કર્મચારીના ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં તેઓના સ્વજનોને હાલ ચૂકવતા આર્થિક પેકેજમાં રૂા.૮ થી ૧૦ લાખ જેટલો વધારો કરીને તેઓને રાજ્ય સરકારના કર્મચારીઓને ચૂકવતા પેકેજ જેટલું એટલે કે રૂ.૧૪ લાખ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

આ બાબત ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે.દરમ્યાન એસ.ટી.નાં ત્રણે માન્ય યુનિયનોની બનેલી સંકલન સમિતિનાં હોદ્દેદારોનાં જણાવ્યા મુજબ આ બાબતે સમિતિની લાંબા સમયની રજૂઆત હતી.જે સરકારે માન્ય રાખતા યુનિયનો સરકારનો આભાર માને છે.

# ટેરિફ વોર ભારત પણ વળતા પ્રહારના મૂડમાંઃ ઉદ્યોગોને સલામત બનાવશે



મુંબઈ અમેરિકા દ્વારા શરૂ કરાયેલી ટ્રેડ વોર સામે દેશના વેપારઉદ્યોગને સલામત બનાવવા ભારત સરકાર કેટલાક દેશો સાથે તેની મુકત વેપાર કરાર વાટાઘાટને ઝડપથી હાથ ધરી કરાર કરવામાં ઉત્સુક બની છે. મુકત વેપાર કરારના કિસ્સામાં ભાગીદાર દેશો વચ્ચે ડયૂટીના દર નીચા રહે છે.

વધુ દેશો સાથે વેપાર કરાર કરવાથી ટ્રમ્પની આકરી વેપાર નીતિની અસરોને ખાળી શકાશે એમ સરકાર માની રહી છે. ભારત હાલમાં યુકે, ઓમાન તથા યુરોપિયન યુનિયન સહિતના કેટલાક દેશો સાથે મુકત વેપાર કરાર અંગે વાટાઘાટ કરી રહ્યું છે.

વેપાર કરારને કારણે કસ્ટમ્સ ડયૂટીમાં ઘટાડો થવાની અપેક્ષા છે, એમ એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું. ટ્રમ્પની ટેરિફ વોરને કારણે બજારો ખોરવાઈ રહી છે અને વૈશ્વિક વેપારમાં ચિંતા ઊભી થઈ છે. સ્ટીલ તથા એલ્યુમિનિયમની આયાત પર ૨૫ ટકા વધારાની ટેરિફ જાહેર કર્યા બાદ ટ્રમ્પ અમેરિકાના માલસામાન પર ઊંચી ટેરિફ ધરાવતા દેશોના માલસામાનની અમેરિકામાં આયાત પર વળતા ટેરિફ જાહેર કરવા યોજના ધરાવે છે.

### પાંચ વર્ષ બાદ સૌરાષ્ટ્રમાં સિંહોની વસ્તીમાં વધારો થયો હોવાનો સંકેત

# મે માસમાં સિંહોની વસ્તી ગણતરી થશે

## પ્રથમ વખત સીસીટીવી મારફત પણ સિંહોની મુવમેન્ટને ગણતરીમાં ઉમેરાશેઃ સૌરાષ્ટ્રના ૩૫૦૦૦ સ્ક્વેર કી.મી. ક્ષેત્રમાં કવાયત કરશેઃ જંગલ વિભાગ – બીટ ગાર્ડની ભૂમિકા મહત્વની બની જશે! પ્રથમ વખત જામનગર જીલ્લાનો સમાવેશ



રાજકોટ એશિયન સિંહોના એક માત્ર- કિંગડમ સમાન સૌરાષ્ટ્રમાં હવે દર પાંચ વર્ષે યોજાતી સિંહોની વસ્તી ગણતરી આગામી મે માસમાં પ્રારંભ થશે તો અગાઉની અનેક વસ્તી ગણતરી કરતા તે અલગ અને વધુ સચોટ હશે અને સમગ્ર વસ્તી ગણતરી સમયે વાઈલ્ડ લાઈફ ઈન્ડીયાના નિરીક્ષકો પણ હાજર રહેશે.ગુજરાતમાં જંગલ વિભાગ દ્વારા યોજાતી વસતી ગણતરી એક મોડેલ જેવી શ્રેષ્ઠ બની રહે છે અને હવે તેમાં સીસીટીવી પણ ઉમેરાશે. પરંપરાગત સિંહોની રૂબરૂ ગણતરીની સાથે આ સીસીટીવીથી સમગ્ર પ્રક્રિયા વધુ સજજ હશે અને ગણતરી પ્રક્રિયા પુરી થયા બાદ તેના વિડીયો રેકોર્ડીંગ ચકાસીને સમગ્ર પ્રક્રિયા ફુલપ્રુફ બનાવાશે.

એપ્રિલ-મે માસમાં પૂર્ણીમાના સમયમાં આ ગણતરી યોજાય છે. ચંદ્રના ભરપુર પ્રકાશના કારણે તે વધુ સરળ બને છે. ઉપરાંત ગીરના જંગલ ક્ષેત્રમાં વસતા દિપડા અને અન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી પણ સમયાંતરે થાય છે. દેશમાં પ્રોજેકટ ટાઈગર અને પ્રોજેકટ લેવોર્ડ સાથે જોડાયેલા વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ સિંહોની વસ્તી ગણતરીમાં સહાયક પણ બનશે.

જો કે ફોરેસ્ટ વિભાગના કેટલાક અધિકારીઓ વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટના નિષ્ણાંતોની હાજરી સિંહોની સંખ્યા અંગે કેટલાક મુદાઓ પણ ઉભા કરી શકે તે ચિંતા દર્શાવી ચુકયા છે. ૨૦૨૦માં પણ વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ સિંહોની વસ્તી ગણતરીમાં જોડાયા હતા પણ તેઓને બાદમાં હાજર રહેવાની મંજુરી અપાઈ ન હતી.તેમના કેટલાક રીસર્ચ પ્રોગ્રામ પણ રદ કરાયા હતા. ૨૦૨૦ની વસ્તી ગણતરી મુજબ સિંહોની સંખ્યા ૫૨૩માંથી વધીને પાંચ વર્ષમાં ૬૭૪ નોંધાઈ હતી જે ૨૦% જેટલી વસતી વધી હોય તેવું નોંધાયુ હતું અને એ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો હતો.

હવે વધુ સ્પષ્ટ ચિત્ર મેળવ્યુ. સિંહોની જેમ અવરજવર છે તે હાઈવે-ગ્રામીણ માર્ગો અને અન્ય સ્થળોએ પણ સીસીટીવી મુકાશે. અનેક સિંહોના ગળામાં રેડિયો કોલર છે જેથી તેની મુવમેન્ટ પરથી અન્ય સિંહોને પણ ટ્રેસ કરી શકાશે. આ માટે ડાયરેકટ બીટ વેરીફીકેશન સિસ્ટમ અપનાવાય છે. ૨૦૦૦ના વર્ષથી આ પદ્ધતિ અપનાવાઈ છે.જંગલખાતામાં અને ખાસ કરીને સિંહ અભ્યારણમાં બીટ-ગાર્ડની ભૂમિકા સૌથી મહત્વની છે. તેઓ સિંહોની સૌથી નજીક હોય છે અને સિંહો પણ તેમને ઓળખતા હોય છે. આ વર્ષે સૌરાષ્ટ્રના ૩૫૦૦૦ સ્કવેર કિલોમીટરમાં આ વસ્તી ગણતરી થશે. જેમાં પ્રથમ વખત જામનગર જીલ્લાનો પણ સમાવેશ કરાયો છે. સિંહો સૌરાષ્ટ્રના વધુને વધુ વિસ્તારોમાં ફેલાતા જાય છે. સૌરાષ્ટ્રના તમામ ૯ જીલ્લામાં સિંહોની હાજરી નોંધાઈ છે.

## રાજકોટ જિલ્લાના પરપ્રાંતીય મજૂરોની વિગતો પોલીસ મથકમાં જણાવવા સૂચના

રાજકોટઃ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પરપ્રાંતીય કારીગરો દ્વારા થતા ગંભીર ગુનાઓ અટકાવવા અને જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એ.કે.ગૌતમએ કરેલા આદેશો મુજબ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ કારખાના, મકાન બાંધકામ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટએ પોતાના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો, ભાગીયા હાલમાં કામ ઉપર છે, તેવા કાયમી, હંગામી, રોજિંદા કે કોન્ટ્રાકટના ભાગીયા, કર્મચારીઓ, કારીગરો, મજુરોની હકીકત તૈયાર કરી નિયત પત્રકમાં સબંધિત પોલીસ સ્ટેશનને રજૂ કરવાનું રહેશે.

# હળવદ નગરપાલિકા ચુંટણીને પગલે ઉચ્ચ અધિકારીઓ સંવેદનશીલ બુથની મુલાકાતે પહોંચ્યા

### જીલ્લા કલેકટર, SP–સહિતના અધિકારીઓએ ૧૧ સંવેદનશીલ બુથોની મુલાકાત લીધી

હળવદ નગરપાલિકાની ચૂંટણી લઈને મોરબી જિલ્લા કલેકટર તેમજ પોલીસ વડા ચૂંટણી અધિકારી સહિતના સ્ટાફે સંવેદનશીલ ૧૧ બુથ સેન્સિટિવ વિઝિટ કરી પેટ્રોલિંગ કર્યું હતું. આગામી ૧૬ ફેબ્રુઆરી હળવદ નગરપાલિકાની ૭ વોર્ડ ની ૨૮ બેઠક માટે 30 બુથ પર મતદાન યોજાવાનું છે ત્યારે શાંતિપુર્ણ માહોલમા મતદાન યોજાયા તે માટે ૧૧ સંવેદનશીલ બુથ મુલાકાત કરી તમામ પ્રકીયા વાકેફ થયા હતા કોય પણ જાતની તંત્ર દ્વારા કચાસ ન રહે તેમાટે પુરતી તકેદારી ના પગલાં લેવા આવ્યા હતા. આગામી ૧૬ મી તારીખે કુલ મતદાર ૨૭૪૭૧ મતદારો ઉમેદવારોનુ ભાવી નક્કી કરશે કરવાના છે . ત્યારે મોરબી જિલ્લા કલેકટર કિરણ ઝવેરી દ્વારા વધુમાં વધુ લોકો શાંતિપૂર્ણ માહોલમાં



મતદાન કરે તેવી અપીલ કરી હતી. લોકોએ પોતાનો મતદાનનો અધિકાર અવશ્યપણે ઉપયોગ કરી વધુમાં વધુ મતદાન કરે તે માટે અપીલ કરી હતી. સમગ્ર ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

હળવદ નગરપાલિકાની ૭ વોર્ડ ની ૨૮ બેઠક માટે 30 બુથ પર મતદાન ૧૬ મી યોજાશે, જેમાં ૧૧ સંવેદનશીલ મથકોની અધિકારીઓ દ્વારા વિઝિટ કરવામાં આવી હતી.શાંતિપુર્ણ માહોલમાં મતદાન યોજાયા તે માટે ૧ ડીવાયએસપી,૧ પીઆઈ,૨ પીએસઆઈ,૬૫ પોલીસ,સહીત એસ આર પી જવાનો ખડેપગે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.અંદાજિત ૪૫ જેટલા એવીએમ મશીન રાખવામાં આવશે જો કોઈ મશીન ખરાબ થાય તો તાત્કાલિક અવેજીમાં માં બીજું મશીન મૂકી શકાય તેવી પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. ચૂંટણીમાં ૧૭૦ કર્મચારીઓ સ્ટાફ ચૂંટણી કામગીરીમાં ખડે પગે રહેશે,

## ગોંડલ એસટી બસ સ્ટેશન ખાતે બાઇકની ચોરી કરી તસ્કરો ફરાર

ગોંડલ એસટી બસ સ્ટેશન જાણે તસ્કરો માટે હોટ ફેવરીટ હોય તેમ અવાર નવાર ચોરી ના બનાવ બની રહ્યા છે. થોડા દિવસો પહેલા જ તસ્કરો બાઇક ની ચોરી કરી ને ફરાર થયા ત્યાં ફરી બાઇક ની ચોરી થતા પોલીસ ની કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. એસટી બસ સ્ટેન્ડ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા જયેશભાઈ ગુજરાતી નોકરી પર જતા મોકળું મેદાન જોઈને તસ્કરો દ્વારા બાઇક ની ચોરી થતા જયેશભાઈ ગુજરાતી દ્વારા શહેર ના બી ડિવિજન માં બાઇક ની ચોરી સબબ ની નોંધ કરાવેલ છે. હવે પોલીસ ચોરી અંગેનો ગુનો દાખલ કરે છે કે પછી આગળ ની ચોરીના બનાવ ની જેમ માત્ર જાણવા જોગ અરજી લે છે તે ચર્ચા નો વિષય બન્યો છે.

## રાજકોટમાં ગ્રીષ્માકાંડ થતા રહી ગયો

# યુવતીની અન્ય યુવક સાથે સગાઈ થતાં પ્રેમીએ જાહેરમાં છરીના પાંચ ઘા માર્યા; પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટઃ પ્રેમમાં નિષ્ફળતા મળતાં રાજકોટમાં લોહિયાળ જંગ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. શહેરના કુવાડવા રોડ સાત હનુમાન પાસે રંગીલા સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષના યુવાનને હુડકો ચોકડી નજીક રહેતી અને જંગલેશ્વરમાં ૨૩ વર્ષની યુવતી સાથે ૧૦ વર્ષથી પ્રેમસંબંધ હતો, જોકે પ્રેમિકાની સગાઇ નક્કી થઇ જતાં તેને ન ગમતાં સવારે પ્રેમિકા જંગલેશ્વરના હુશેની ચોકમાં પોતાની મોટી બહેન સાથે માછલી વેચવા બેઠી હતી. યુવકે ત્યાં જઇને યુવતીને પેટ, છાતી, હાથ, પગમાં છરીના પાંચેક ઘા મારી દીધા હતા. બાદમાં યુવકે પોતાના પેટમાં પણ ત્રણેક ઘા મારી દેતાં બંને લોહીલુહાણ થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાં છે. આ ઘટનામાં યુવતીની હાલત ગંભીર છે. પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી છે.





રાજકોટના હુડકોમાં રહેતી યુવતી સવારે ૧૧ વાગ્યા આસપાસ જંગલેશ્વરના હુશેની ચોકમાં પોતાની બહેન સાથે માછલી વેચવા બેઠી હતી. એ વખતે નવાગામ સાત હનુમાન પાસે રંગીલા સોસાયટીમાં રહેતો યુવક સંજય વિનોદભાઇ મકવાણા (ઉં.વ.૩૫) અચાનક છરી સાથે ધસી આવ્યો હતો. યુવતી કંઇ સમજે એ પહેલાં તેના પર તૂટી પડી આડેધડ છરીના ઘા હાથ, પગ, છાતી, પેટના ભાગે મારી દીધા હતા. આ હુમલામાં યુવતી લોહીલુહાણ થઇ ઢળી પડી હતી, જેથી ત્યાં લોકોનું ટોળું એકઠું થઇ ગયું હતું.

પ્રેમિકા પર હુમલો કરનાર સંજયને લોકો પકડે એ પહેલાં તેણે પોતાના પેટમાં પણ છરીના ૩ ઘા ઝીંકી દીધા હતાં. તે પણ પડી જતાં કોઇએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવતાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. હોસ્પિટલ પોલીસચોકીની પોલીસે ભક્તિનગર પોલીસને જાણ કરતાં પોલીસ સ્ટાફે હોસ્પિટલે પહોંચી હુમલામાં ગંભીર ઇજા પામનારી યુવતીની બહેનની ફરિયાદ આધારે સંજય મકવાણા વિરુદ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધવા તજવીજ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં ખૂલ્યા મુજબ, પ્રેમીના હુમલામાં ઘાયલ યુવતી ભાઈ-બહેનમાં નાની છે અને જંગલેશ્વર હુશેની ચોકમાં માછલીનો થડો રાખી ધંધો કરે છે. જ્યારે હુમલો કરનાર સંજય ૨ ભાઇમાં નાનો છે અને છૂટક મજૂરીકામ કરે છે. યુવતી અને સંજય વચ્ચે છેલ્લાં ૧૦ વર્ષથી પ્રેમસંબંધ હતો. દરમિયાન અઠવાડિયા પહેલાં જ યુવતીની સગાઇ નક્કી થઇ જતાં આ વાતની પ્રેમી સંજયને ખબર પડતાં તે રોષે ભરાયો હતો અને પ્રેમિકાને સગાઇ ન કરવા ધમકી આપવાનું ચાલુ કરી તેની પાસેથી તેની સગાઇ જ્યાં નક્કી થઇ એ યુવકના નંબર લઇ તેને પણ ધમકાવવાનું ચાલુ કર્યું હતું.આ કારણે ૩ દિવસ પહેલાં જ સંજય વિરુદ્ધ ફરિયાદ કરતાં પોલીસે અટકાયતી પગલાં લઇ કાર્યવાહી કરી હતી. દરમિયાન આજે તે પ્રેમિકાને મારી નાખવાના ઈરાદા સાથે જંગલેશ્વરના હુશેની ચોકમાં પ્રેમિકાના માછલીના થડે પહોંચ્યો હતો અને આડેધડ છરીના ઘા ઝીંકી દીધા હતા. બાદમાં પોતાના પેટમાં પણ ૩ ઘા મારી દેતાં તેને પણ ગંભીર ઇજા થઇ હતી. બંને હાલ સારવાર હેઠળ છે, જેમાં યુવતીને ગંભીર ઇજા પહોંચી છે.

# રિઝર્વ બેંકે પાંચ અબજ ડોલરનું વેચાણ કરતાં રૂપિયો ૬૬ પૈસા ઉછળીને ૮૬.૮૩

મુંબઈ અમેરિકી પ્રમુખ વિશ્વને અસાધારણ વેપાર યુદ્ધમાં ધકેલી રહ્યા હોઈ ટેરિફ યુદ્ધ વૈશ્વિક વેપાર સમીકરણો ધરમૂળથી બદલી મૂકે એવી શકયતા વચ્ચે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાના પતનને અટકાવવા હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) મોટાપાયે સક્રિય બની છે. જેના પરિણામે આજે પણ આરબીઆઈની દરમિયાનગીરીથી અમેરિકી ડોલર સામે રૂપિયો બપોરે એકાએક ઝડપી રિકવર થયો હતો. ૮૮ની સપાટી તૂટતી અટકી ગઈકાલની ૮૭.૪૮ સપાટીથી રિકવર થઈ ઉપરમાં ૮૬.૬૩ સુધી ઉંચકાઈ અંતે ૬૬ પૈસા ઉછળીને ૮૬.૮૩ની સપાટીએ બંધ રહ્યો હતો.



ગઈકાલે રૂપિયો ૮૭.૯૬ના નવા નીચા તળીયે ઉતરી ગયા બાદ આરબીઆઈની દરમિયાનગીરી એટલે કે ડોલર વેચવાની કવાયત શરૂ થતાં રિકવર થયો હતો. આરબીઆઈ દ્વારા સોમવારે જ ડોલર વેચવાની શરૂઆત કરી દેવાતાં અને ચાર અબજ ડોલરનું વેચાણ કર્યાના અને રૂપિયાને સપોર્ટ માટે ૭ અબજ ડોલર સુધી ડોલરો વેચે એવી શકયતાએ આજે રૂપિયો ઝડપી રિકવર થયો હતો.ફોરેક્સ માર્કેટના સૂત્રોએ જણાવ્યું હતું કે, આરબીઆઈ દ્વારા ડોલર સામે રૂપિયાને પડતો અટકાવવા બે દિવસમાં મોટું સેલિંગ કરાયું છે. જેમાં એક ડિલર ટ્રેડર થકી જ ૧.૭ અબજ ડોલરનું વેચાણ કરાયું હોવાનું અને કુલ ૪.૫ અબજથી પાંચ અબજ ડોલરનું વેચાણ કરાયું છે. અલબત આટલી જંગી માત્રામાં ડોલરનું વેચાણ સોમવારે કરાયા બાદ આજે-મંગળવારે પણ રિઝર્વ બેંકે ડોલરમાં મોટું વેચાણ ચાલુ રાખતાં રૂપિયો ઝડપી સુધરીને ૮૭ની સપાટી અંદર આવી ગયો હતો. જે ગઈકાલે ૮૭.૯૫ની સર્વોચ્ચ સપાટીને ઈન્ટ્રા-ડે આંબી ગયો હતો. ઉલ્લેખનીય છે કે, આરબીઆઈ દ્વારા ગત સપ્તાહમાં જ ધિરાણ નીતિ સમીક્ષામાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરીને સિસ્ટમમાં લિક્વિડિટી વધારવાનું પગલું લીધું હતું. અમેરિકી ડોલર માટેની ઓઈલ કંપનીઓની માંગમાં પાછલા દિવસોમાં મોટા વધારા સાથે આયાતકારો પણ તેમની આયાત કમિટમેન્ટને લઈ ડોલરની સતત ખરીદી કરતાં રહેતાં રૂપિયો સતત નબળો પડી રહ્યો હતો.

## રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક મોકૂફ



રાજકોટઃ રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આદર્શ આચારસંહિતાને ધ્યાને લઈને ફેબ્રુઆરી માસની જિલ્લા ફરિયાદ અને સંકલન બેઠક મોકૂફ રાખવામાં આવી છે. જેની સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

ॐकारा

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ॐ કારા પ્રભુ - ॐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ॐકારા સંપ્રદાય (૨) ॐદાદા ફાઉન્ડેશન (૩) ॐકારા મહાસંઘ

**ભાગ્યથી જેટલી અપેક્ષા રાખશો, તેટલા નિરાશ થશો...**
**કર્મમાં વિશ્વાસ રાખો, અપેક્ષા કરતાં વધુ મળશે...**
**કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ॐ જ છે આસ્થા,
ॐ માં છે વિશ્વાસ ॐમાં
છે શક્તિ, ॐમાં છે
સંસ્કાર ॐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ॐ ॐ ॐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

RAVI ENGLISH INSTITUTE ®

SINCE 2003

Ravi ENGLISH INSTITUTE

Where Growth is A Way of Life

A/C Class

ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.

SPOKEN ENGLISH

૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી

અંગ્રેજી આટલું સરળ?

એક વખત અચૂક મુલાકાત લો...

Rasik Mehta

+919879329391

Learn English Language With Money Back Guarantee..

FREE TRIAL 3 DAYS

અમારી વિશિષ્ટતાઓ

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
- ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
- પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
- ૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.

નવી બેચિઝ ટૂંક સમયમાં શરૂ.



SCAN TO ENJOY VIDEO

FOLLOW US:
Ravi English Institute

art house

હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, રાજકોટ. MO. 98793 29391

બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
| --- | --- |
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

Hi લખીને મોકલો

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062